**હકક્કી બાત તહેરીર કરનેવાલે ચલ બસે, ઝહેરા (સ.અ.) તુમ્હારે લાલકે ગમખ્વાર ચલ બસે, રગ રગમેં ઔર લહુમેં થે જીસકે બસે હુસૈન (અ.સ.), વો હક પરસ્ત ઔર વફાદાર ચલ બસે.**

સ્થાપક:



મર્હુમ હાજી ગુલામઅબ્બાસ
એમ. અમીરી

# રાહે નજાત


## માસિક

માનદ તંત્રી:



મર્હુમ કાઝીમહુસૈન
ગુ. અમીરી

**SEPTEMBER-2017** TOTAL PAGES 60 **₹. 20/-**




બરાએ ઈસાલે સવાબ એક સુરએ ફાતેહા

**મર્હુમ હાજી ગુલામઅબ્બાસ એમ. અમીરી / મર્હુમ કાઝીમહુસૈન ગુલામઅબ્બાસ અમીરી**

તથા **અમીરી** પરિવારના કુલ મર્હુમ મોઅમેનીન વલ મોઅમેનાત ના રૂહના સવાબ અર્થે.

With Best Compliments From

ISO 9001:2008
Quality System
Quality Endorsed Company
Certification No: QEC13252

Rexello

# Rexello

**The Name That Carries Weight**

***Office & Factory :***

23/D, Mahal Industrial Estate,
Mahakali Caves Road,
Andheri East, Mumbai - 400 093.
Tel : 26873625 / 40917777
Fax : 91-22-26873580 / 26874639
E-mail : rexello@gmail.com
Website : www.rexello.com
Http://www.asiansources.com/rexello.co

# રાહે નજાત

52 YEARS

માસિક

વર્ષ ૫૨ • માહે ઝિલ્હજ-૧૪૩૮ • સપ્ટેમ્બર-૨૦૧૭

**બુન્યાદી સરપરસ્ત**



**મર્હુમ હાજી ગુલામઅબ્બાસ એમ. અમીરી**
**(વફાત તા. ૮મી શાબાન-૧૪૧૭)**
**(૯મી ડીસેમ્બર-૧૯૯૭)**

સહ તંત્રી :
**મોહમ્મદરઝા જી. અમીરી**
મો : ૯૦૦૪૫૩૪૫૩૬

વ્યવસ્થાપક :
**મોહમ્મદતકી જી. અમીરી**
મો : ૮૨૩૭૬૪૬૫૦૨

તંત્રી :
**અલીરઝા કે. અમીરી**
મો : ૮૦૯૭૩૬૨૧૧૦ / ૯૯૮૭૮૬૫૦૯૬

**માનદ તંત્રી**



**મર્હુમ કાઝીમહુસૈન જી. અમીરી**
**(વફાત તા. ૩મી રમઝાન-૧૪૩૮)**
**(૩૦મી મે-૨૦૧૭)**

પત્ર વહેવાર

**રાહે નજાત માસિક** ૪૨, હ. અબ્બાસ (અ.સ.) સ્ટ્રીટ, હ. ઇ. હુસૈન (અ.સ.) ચોક, મુંબઇ-૯. ફોન : ૯૧-૨૨-૨૩૪૬૦૬૧૪ Email: rahenajat@gmail.com

**વાર્ષિક લવાજમ**

ભારત રૂ. ૧૦૦/-
પરદેશ-સીમેલ ૮૦૦/-
પરદેશ-એરમેલ રૂ. ૧૫૦૦/
**E-Copy**
India 150/- Abroad Rs. 1200/-

**લાઇફ મેમ્બર શીપ**

ભારત રૂા. ૩૦૦૦
પાક-સીમેલ રૂા. ૬૦૦૦

**પરદેશ એરમેલ**

| યુ. એસ. | કેનેડીયન | યુરો |
|---|---|---|
| ૬૦૦ડોલર | ૬૦૦ડોલર | ૪૦૦ |

**વાર્ષિક યાદગીરી ફંડ**

ઉપરોક્ત ફંડના મેમ્બર થવા માટે એકજ વખત રૂા. ૫૦૦૦/- ભારત માટે અને વિદેશ માટે ૨૦૦ ડોલર ભરવાના રહેશે. આ ફંડના મેમ્બર પોતાના મરહુમોને દર વર્ષે મરહુમની વફાત ની તારીખના તે માસના રાહે નજાત ના અંકમા ફોટો સાથે યાદ કરી શકશે.

# માહે મોહર્રમ



તા. ૨૨ મી સપ્ટે ૨૦૧૭ થી તા. ૨૧ મી ઓકટો-૨૦૧૭ સુધી

| મોહર્રમ | Sept. 2017 | વાર | નમાઝે સુબ્હ | સૂર્યોદય | નમાઝે ઝોહર | સૂર્યાસ્ત | નમાઝે મગરીબ | આ મહીનાનો ચાંદ જોઇને સૂરએ રહેમાન પઢો બીજ ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | 22 | શુક્ર | ૫.૦૯ | ૬.૨૯ | ૧૨.૩૫ | ૬.૩૫ | ૬.૪૭ | **અશ્રએ અવ્વલ શરૂ** |
| ૦૨ | 23 | શનિ | ૫.૦૯ | ૬.૨૯ | ૧૨.૩૪ | ૬.૩૪ | ૬.૪૬ | **હ. ઈમામ હુસૈન (અ.સ.) કરબલા પહોંચ્યા.** |
| ૦૩ | 24 | રવિ | ૫.૦૯ | ૬.૨૯ | ૧૨.૩૪ | ૬.૩૩ | ૬.૪૫ | પિસરે સા'દ હ.ઈ.હુસૈન (અ.)ને શહીદ કરવા કરબલા પહોંચ્યો. *વિંછુડો : |
| ૦૪ | 25 | સોમ | ૫.૦૯ | ૬.૨૯ | ૧૨.૩૪ | ૬.૩૨ | ૬.૪૪ | (* વિંછુડા : રાત ના ૯-૪૯ થી |
| ૦૫ | 26 | મંગળ | ૫.૦૯ | ૬.૨૯ | ૧૨.૩૩ | ૬.૩૧ | ૬.૪૩ | વિંછુડો : |
| ૦૬ | 27 | બુધ | ૫.૦૯ | ૬.૨૯ | ૧૨.૩૩ | ૬.૩૦ | ૬.૪૨ | વિંછુડો : સવાર ના ૯-૫૬ સુધી |
| ૦૭ | 28 | ગુરૂ | ૫.૧૦ | ૬.૩૦ | ૧૨.૩૩ | ૬.૩૦ | ૬.૪૨ | **અહલેબૈયત અને એમના સાથીપર પાણી બંધ થયું** |
| ૦૮ | 29 | શુક્ર | ૫.૧૦ | ૬.૩૦ | ૧૨.૩૨ | ૬.૨૯ | ૬.૪૧ | |
| ૦૯ | 30 | શનિ | ૫.૧૦ | ૬.૩૦ | ૧૨.૩૨ | ૬.૨૮ | ૬.૪૦ | |
| ૧૦ | Oct. | રવિ | ૫.૧૦ | ૬.૩૦ | ૧૨.૩૨ | ૬.૨૭ | ૬.૩૯ | **આશુરા: હ. ઈ. હુસૈન (અ.) અને સાથીઓની શહાદત** |
| ૧૧ | 02 | સોમ | ૫.૧૦ | ૬.૩૦ | ૧૨.૩૧ | ૬.૨૬ | ૬.૩૮ | **અહલેબૈત (અ.) નો કાફલો કરબલાથી કુફા/શામ તરફ રવાના** |
| ૧૨ | 03 | મંગળ | ૫.૧૧ | ૬.૩૧ | ૧૨.૩૧ | ૬.૨૫ | ૬.૩૭ | **ઝિયારત : શોહદાએ કરબલાનું સિયૂમ.** |
| ૧૩ | 04 | બુધ | ૫.૧૧ | ૬.૩૧ | ૧૨.૩૧ | ૬.૨૪ | ૬.૩૬ | દવા પીવાની શરૂઆત માટે નેક |
| ૧૪ | 05 | ગુરૂ | ૫.૧૧ | ૬.૩૧ | ૧૨.૩૦ | ૬.૨૪ | ૬.૩૬ | |
| ૧૫ | 06 | શુક્ર | ૫.૧૧ | ૬.૩૧ | ૧૨.૩૦ | ૬.૨૩ | ૬.૩૫ | સફર માટે નેક (જુમ્આ બાદ) |
| ૧૬ | 07 | શનિ | ૫.૧૨ | ૬.૩૨ | ૧૨.૩૦ | ૬.૨૨ | ૬.૩૪ | સફર માટે નેક (સદકો આપીને) |
| ૧૭ | 08 | રવિ | ૫.૧૨ | ૬.૩૨ | ૧૨.૨૯ | ૬.૨૧ | ૬.૩૩ | |
| ૧૮ | 09 | સોમ | ૫.૧૨ | ૬.૩૨ | ૧૨.૨૯ | ૬.૨૦ | ૬.૩૨ | **કીબલાનું રૂપાંતર બયતુલ મુકદ્દસ થી ખાન-એ-કાબા તરફ થયું.** |
| ૧૯ | 10 | મંગળ | ૫.૧૨ | ૬.૩૨ | ૧૨.૨૯ | ૬.૧૯ | ૬.૩૧ | હાજત તલબ કરવા માટે નેક |
| ૨૦ | 11 | બુધ | ૫.૧૩ | ૬.૩૩ | ૧૨.૨૯ | ૬.૧૯ | ૬.૩૧ | **દસમું : શોહદાએ કરબલાનું** |
| ૨૧ | 12 | ગુરૂ | ૫.૧૩ | ૬.૩૩ | ૧૨.૨૮ | ૬.૧૮ | ૬.૩૦ | |
| ૨૨ | 13 | શુક્ર | ૫.૧૩ | ૬.૩૩ | ૧૨.૨૮ | ૬.૧૭ | ૬.૨૯ | સફર માટે નેક (જુમ્આ બાદ) |
| ૨૩ | 14 | શનિ | ૫.૧૪ | ૬.૩૪ | ૧૨.૨૮ | ૬.૧૬ | ૬.૨૮ | સફર માટે નેક |
| ૨૪ | 15 | રવિ | ૫.૧૪ | ૬.૩૪ | ૧૨.૨૮ | ૬.૧૬ | ૬.૨૮ | |
| ૨૫ | 16 | સોમ | ૫.૧૪ | ૬.૩૪ | ૧૨.૨૭ | ૬.૧૫ | ૬.૨૭ | **શહાદત : હ.ઈ. ઝયનુલ આબેદીન (અ.)** |
| ૨૬ | 17 | મંગળ | ૫.૧૪ | ૬.૩૪ | ૧૨.૨૭ | ૬.૧૪ | ૬.૨૬ | હાજત તલબ કરવા માટે નેક |
| ૨૭ | 18 | બુધ | ૫.૧૫ | ૬.૩૫ | ૧૨.૨૭ | ૬.૧૩ | ૬.૨૫ | દવા પીવાની શરૂઆત માટે નેક |
| ૨૮ | 19 | ગુરૂ | ૫.૧૫ | ૬.૩૫ | ૧૨.૨૭ | ૬.૧૩ | ૬.૨૫ | |
| ૨૯ | 20 | શુક્ર | ૫.૧૫ | ૬.૩૫ | ૧૨.૨૭ | ૬.૧૨ | ૬.૨૪ | સફર માટે મકરૂહ, ★ વિં : સવારના ૫-૪૮ થી |
| ૩૦ | 21 | શનિ | ૫.૧૬ | ૬.૩૬ | ૧૨.૨૭ | ૬.૧૧ | ૬.૨૩ | **વીસમું : શોહદાએ કરબલાનું** વિંછુડો ★ **ચાંદરાત** |

**This page is Donated By :**

**BLACK DIAMOND** TRADELINK PVT. LTD.

**[IMPORTERS, EXPORTERS, & COAL MERCHANTS,]**

OFFICE : **403/404, 4th Floor, Maharanapratap Complex, opp. Ellisbridge Post Office, Nr. V.S. Hospital, Ellisbridge, Ahmedabad-380006. (INDIA)**

**Phone : 079-65129460, 079-66058661 9824650681-9898324785**

**Fax : 079-26575975 Email : blackdiamondtrading@ymail.com**

# શું તમો હજી પણ અક્કલનો સદપયોગ નહી કરો...?

ઇન્સાન એના વિચારોથી પરખાય છે તેના વિચારો-આચારમાં જેટલી પારદર્શકતા અને સચ્ચાઇ છે એટલી જ એની બાજુ ઉજળી અને ઉજ્જવલ છે **હ.અલી અ.સ.ની હદીસ છે ને કે નેક બનવાની કૌશીશ એવી જ કરો જેવી રીતે ખુબસુરત બનવાની કૌશીશ કરો છો.**

ગમે એટલા વસ્ત્રો સારા હોય પણ મન મલીન હોય એને ઓળખવું મુશ્કેલ છે ઇસ્લામ શરીરની સ્વચ્છતાની સાથો-સાથ મનની મલીનતાથી પાક-સાફ રહેવાનું કહે છે આજેય પણ તન મન ધનથી પાક-સાફ રહેલા ઇન્શાનો સમાજમાં કેટલા?

આપણો સમાજં જાણે બધે બાજુના પ્રપંચોથી ઘેરાઇ ગયો છે અને સતાકિય કાવાદાવા ઇસ્લામી શરીયતોને છેદી રહ્યા હોય એવુ લાગે છે હક્ક વાતને આખ આડા કાન કરવામાં આવે છે ઉગ્ર અને ઉછાછળી દલીલબાજીથી સત્યને ચીમળાવામાં આવે છે અમબિલ માઅરૂફથી લોકો બેધ્યાન બની રહ્યા છે તો નહિઅનિલ મુનકર કરનારા લોકો વેરી બની રહ્યા છે.

નેક-દિલો/સત્ય વક્તાઓની આવાઝોને અને લલકારોને દબાવવા સતાનો દુરપયોગ ખુલ્લે આમ કરવામાં આવે છે સમાજની અમુક જરૂરીયાતોને પુરી કરી બડાઇઓ હાંકનારા સતારૂઢો દિન-પ્રતિ દિન બેલગામ બની સમાજના સજ્જનોને બિરાદરોને હવે ફુંકી-ફુંકીને ડસવા લાગ્યા છે કરડવા લાગ્યા છે. આશ્ચર્ય તો હજી એટલુ જ કે આજેય બાજી એ લોકોના હાથોમાં છે જયાં અમુકો પોતાની દાનત બગાડી બેઠા છે કોઇ સતામાજીકોઇ હોદામાં તો કોઇ પોતાનો હોદો ટકાવી રાખવા પોતાના મનની મલીનતાને છાવરે છે અને એ આપણે જોઇ પણ રહ્યા છીએ..! ગેર-માર્ગે દૌરનારાઓથી ખુણે-ખુણો કયાં ખાલી છે...?

With Best Compliments From
THIS PAGE IS SPONSOR BY
S.H.K.
MUMBAI

ઘમંડ હું અને ફસાદીયા મનના રોગીષ્ટો આપણી આસપાસ બહોળા પ્રમાણ જોવા મળે છે **સમાજને ગંદી રાજનિતિ પાછળ ઘકેલી રહી છે ગુમરાહ કરી રહી છે. દીની ગુમરાહી એ તો ખતરનાક સ્વરૂપ ધારણ કર્યુ છે. હ.અલી અ.સ ફરમાવે છે કે જે ગુમરાહ થઇ જાય છે તેની નજદીક સારૂ ખરાબ અને ખરાબ સારૂ થઇ જાય છે અને એ ગુમરાહીના નશા-મસ્તીમાં ડુબી જાય છે. અલ્લાહ સુ.ત. સુરે યાસીનમાં ફરમાવે છે કે આ શયતાને તમારામાંથી દાણીબધી નશલોને ગુમરાહ કરી દીધી છે તો શું તમો હજી પણ અક્કલનો સદપયોગ-ઈસ્તેમાલ નહી કરો...?**

જયારે સમાજ માટે પરિવર્તન લાવવાનું હોય તો તેની શરૂઆત આપણા મનના નાનકડા આંગણાથી કરવાની હોય છે.

ઇમામે સાદીક અ.સ. ફરમાવે છે કે સૌથી વધુ નુકશાન ઉઠાવનારો એ શખ્શ છે જે હક્ક વાત કહેવાની કુદરત-શકિ્ત રાખતો હોવા છતા હક્ક વાત ન કહે.

ઇસ્લામે તો અહિ સુધી કીધુ છે કે જે સમયે કોઇ શખ્શ હક્કનો ઇન્કાર કરતો અને એહલે હક્કને જુઠલાતો સાંભળો તો તે જગ્યાએથી કે તેની પાસેથી ઉઠી જાવ-ચાલ્યા જાવ એની સાથે બેસવું ઉઠવું બંધ કરી દયો.

હોવું તો એ જોઇએ કે છાતી કાઢીને આંખોથી આંખો મેળવીને સચ્ચાઇને બાહર લાવવામાં આપણી કુવ્વતને આપણા ખમીરને ખંતથી અને ખેલદીલીથી કાર્યવંત કરવી જોઇએ પણ કયાં કરીએ છીએ ?

છુપી કાયરતાથી જલ્દી છુટકારો મેળવવો જોઇએ અને જો આવી છુપી કાયરતા આપણને હજીયે ન કણસતી હોય તો એથી વિશેષ આપણી નબળાઇ બીજી કઇ હોઇ શકે ?

**રસુલે ખુદા સ.અ. ફરમાવે છે કે મારો શીયા એ છે જે અમારી પૈરવી કરે અમારા નકસે કદમ ચાલે અને અમારા કિરદારને અપનાવે.** કોઇએ કહ્યુ છે ને કે ઇન્શાનની મહાનતા ધન-સંપતિમાં નહી પણ સૌના હિતના મુનવ્વર કાર્ય કરવામાં છુપાયેલી છે.

દર વરસે ગદીર હક્કને બુલંદ કરવાનું આહવાન કરે છે વિલાયતે હ.અલી અ.સ.થી તરબરતર થઇ જઇએ તેઓ અ.સ.ની શીરતને નમુના એ અમલ બનાવી લઇએ. મુબાહેલાની અઝમતોને આમ કરીએ. ખુદાવંદે કરીમ આપણા સર્વોને સાચી રીતે ઇદી/પર્વ મનાવવાની નૈક-તૌફીક ઇનાયત કરે અને બારગાહે ઇલાહીમાં રાહેનજાતના માનદ તંત્રી મરહુમ કાજીમહુસૈન હાજી ગુલામઅબ્બાસ અમીરીની મગફેરતની દુઆ સાથે વાંચકોને ઇદોની મુબારકબાદી આપે છે.

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

# Ziyarat Packages

## Arafah Packages

**IRAN-IRAQ**
By Flight Rs.90,000/-
21-Days on 30/8/2017

**IRAQ**
By Flight Rs.75,000/-
12-Days on 30/8/2017

ARAFAH GROUP LEAD BY HUJJATUL ISLAM MAULANA SYED AHMEDALI ABEDI SAHAB

## Arbaeen Packages

**IRAN-IRAQ**
By Flight Rs.1,28,000/-
1 Way Bus Rs.1,18,000/-
25-Days on 30/10/2017

**IRAQ**
By Flight Rs.1,10,000/-
14-Days on 30/10/2017

## Ashura Packages

**IRAN-IRAQ**
By Flight Rs.82,000/-
1 Way Bus Rs.72,000/-
21-Days on 22/9/2017

**IRAQ**
By Flight Rs.65,000/-
12-Days on 22/9/2017

ASHURA-ARBAEEN GROUP LEAD BY HUJJATUL ISLAM AGA SHIRAZI SAHAB

## Al-Mehdi Tours

ORGANISER OF HAJ • UMRAH • ZIYARAT

71-Hazrat Abbas (a.s.) Street, Opp. Khoja Jame Masjid, Mumbai - 9
Email : almehditoursmumbai@gmail.com Website : www.almehditours.com
Tel.: 2347 0233 Fax: 2347 0927

Aijaz: 98211 50363 Salim: 98673 14725
Anis: 98922 17555 Rafiq: 98673 12145
Asif: 98200 28384

હિજરી ૧૪૩૯

# માહે સફર ૨

તા. ૨૨ મી ઓકટો-૨૦૧૭ થી તા. ૧૯ મી નવે-૨૦૧૭ સુધી

| સફર | Oct. 2017 | વાર | નમાઝે સુબ્હ | સૂર્યોદય | નમાઝે ઝોહર | સૂર્યાસ્ત | નમાઝે મગરીબ | આ મહીનાનો ચાંદ જોઇને સૂરએ યાસીન પઢો બીજ ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | 22 | રવિ | ૫.૧૬ | ૬.૩૬ | ૧૨.૨૬ | ૬.૧૧ | ૬.૨૩ | **જંગે શીફફીન** વિંછુડો |
| ૦૨ | 23 | સોમ | ૫.૧૬ | ૬.૩૬ | ૧૨.૨૬ | ૬.૧૦ | ૬.૨૨ | વિંછુડો (★વિંછુડો : સાંજના ૫-૪૪ સુધી. |
| ૦૩ | 24 | મંગળ | ૫.૧૬ | ૬.૩૬ | ૧૨.૨૬ | ૬.૦૯ | ૬.૨૧ | **મુસ્લીમ ઇબ્ને અકબારએ ખાન-એ-કાબા ને યઝીદ (લ.)ના હુકમ થી તોડયું.★વિં** |
| ૦૪ | 25 | બુધ | ૫.૧૭ | ૬.૩૭ | ૧૨.૨૬ | ૬.૦૯ | ૬.૨૧ | દવા પીવાની શરૂઆત માટે નેક |
| ૦૫ | 26 | ગુરૂ | ૫.૧૭ | ૬.૩૭ | ૧૨.૨૬ | ૬.૦૮ | ૬.૨૦ | |
| ૦૬ | 27 | શુક્ર | ૫.૧૮ | ૬.૩૮ | ૧૨.૨૬ | ૬.૦૮ | ૬.૨૦ | સફર માટે નેક (જુમ્આ બાદ) |
| ૦૭ | 28 | શનિ | ૫.૧૯ | ૬.૩૯ | ૧૨.૨૬ | ૬.૦૭ | ૬.૧૯ | **વિલાદત : હ. ઇ. મુસએ કાઝિમ (અ.)** |
| ૦૮ | 29 | રવિ | ૫.૧૯ | ૬.૩૯ | ૧૨.૨૫ | ૬.૦૬ | ૬.૧૮ | **વફાત : જ. સલમાને ફારસી (અ.સ.)** |
| ૦૯ | 30 | સોમ | ૫.૧૯ | ૬.૩૯ | ૧૨.૨૫ | ૬.૦૬ | ૬.૧૮ | **શહાદત : અમ્મારે યસીર/ખુઝેમા ઇબ્ને સાબીત અને જંગે નહેરવાન** |
| ૧૦ | 31 | મંગળ | ૫.૨૦ | ૬.૪૦ | ૧૨.૨૫ | ૬.૦૫ | ૬.૧૭ | **શહાદત જ.સકીના (સ.અ.) ત્રીસમું:શોહદાએ કરબલાનું** |
| ૧૧ | Nov. | બુધ | ૫.૨૦ | ૬.૪૦ | ૧૨.૨૫ | ૬.૦૫ | ૬.૧૭ | દવા પીવાની શરૂઆત માટે નેક |
| ૧૨ | 02 | ગુરૂ | ૫.૨૧ | ૬.૪૧ | ૧૨.૨૫ | ૬.૦૪ | ૬.૧૬ | |
| ૧૩ | 03 | શુક્ર | ૫.૨૧ | ૬.૪૧ | ૧૨.૨૫ | ૬.૦૪ | ૬.૧૬ | સફર માટે નેક (જુમ્આ બાદ) |
| ૧૪ | 04 | શનિ | ૫.૨૨ | ૬.૪૨ | ૧૨.૨૫ | ૬.૦૩ | ૬.૧૫ | સફર માટે નેક |
| ૧૫ | 05 | રવિ | ૫.૨૨ | ૬.૪૨ | ૧૨.૨૫ | ૬.૦૩ | ૬.૧૫ | સફર માટે નેક |
| ૧૬ | 06 | સોમ | ૫.૨૨ | ૬.૪૨ | ૧૨.૨૫ | ૬.૦૩ | ૬.૧૫ | નહસ |
| ૧૭ | 07 | મંગળ | ૫.૨૩ | ૬.૪૩ | ૧૨.૨૫ | ૬.૦૨ | ૬.૧૪ | **શહાદત : હ. ઇ. અલી રઝા (અ.)** |
| ૧૮ | 08 | બુધ | ૫.૨૩ | ૬.૪૩ | ૧૨.૨૫ | ૬.૦૨ | ૬.૧૪ | બીજી રિવાયતથી**શહાદત જ. સકીના (સ.અ.)** |
| ૧૯ | 09 | ગુરૂ | ૫.૨૪ | ૬.૪૪ | ૧૨.૨૬ | ૬.૦૧ | ૬.૧૩ | |
| ૨૦ | 10 | શુક્ર | ૫.૨૪ | ૬.૪૪ | ૧૨.૨૬ | ૬.૦૧ | ૬.૧૩ | **ચહેલુમ : શોહદાએ કરબલાનું** |
| ૨૧ | 11 | શનિ | ૫.૨૫ | ૬.૪૫ | ૧૨.૨૬ | ૬.૦૦ | ૬.૧૨ | સફર માટે નેક (સદકો આપીને) |
| ૨૨ | 12 | રવિ | ૫.૨૬ | ૬.૪૬ | ૧૨.૨૬ | ૬.૦૦ | ૬.૧૨ | |
| ૨૩ | 13 | સોમ | ૫.૨૬ | ૬.૪૬ | ૧૨.૨૬ | ૬.૦૦ | ૬.૧૨ | ઈલ્મ મેળવવાની શરૂઆત માટે નેક |
| ૨૪ | 14 | મંગળ | ૫.૨૬ | ૬.૪૬ | ૧૨.૨૬ | ૬.૦૦ | ૬.૧૨ | હાજત તલબ કરવા માટે નેક |
| ૨૫ | 15 | બુધ | ૫.૨૭ | ૬.૪૭ | ૧૨.૨૬ | ૬.૦૦ | ૬.૧૨ | દવા પીવાની શરૂઆત માટે નેક |
| ૨૬ | 16 | ગુરૂ | ૫.૨૭ | ૬.૪૭ | ૧૨.૨૬ | ૫.૫૯ | ૬.૧૧ | સફર માટે નેક |
| ૨૭ | 17 | શુક્ર | ૫.૨૮ | ૬.૪૮ | ૧૨.૨૭ | ૫.૫૯ | ૬.૧૧ | સફર માટે નેક (જુમ્આ બાદ સદકો આપીને) |
| ૨૮ | 18 | શનિ | ૫.૨૯ | ૬.૪૯ | ૧૨.૨૭ | ૫.૫૯ | ૬.૧૧ | **શહાદત: હ.રસૂલે ખુદા (સ.) અને શહાદત ઇ. હસન (અ.)**વિંછુ★ વિંછુડો : |
| ૨૯ | 19 | રવિ | ૫.૨૯ | ૬.૪૯ | ૧૨.૨૭ | ૫.૫૯ | ૬.૧૧ | (★ બપોરના ૧૨-૪૮ થી. **ચાંદરાત.** |

**હુસૈન ટેકરી કાણોદર ખાતે ૫૪-મો અઝાદારી કાર્યક્રમ**

## જરૂરી સુચના

રાહેનજાત માસિકમાં ની પ્રકાશીત સામગ્રી બીજે પ્રસિદ્ધ કરવા પહેલા કાર્યાલયની લેખીત પરવાનગી લેવી જરૂરી છે સુચના નું ઉલ્લંઘન કરનાર પર કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે.

# એવા સાચા હિરાથી સમાજ રોશનમ્ય બની ઉઠે છે.

[redacted]-મીમ અલીફ મુંબઇ **mimalif110@gmail.com**

અલી અ.સ. કા શીયા નામના પુસ્તકમાં પેજ સત્તર પર હદીસ અગીયારમાં વર્ણાવેલ છે કે એક વખતે કોઇ રાવીએ ઇમામે મોહંમદે બાકીર અ. સ. ને શીયાઓની કામગીરી બાબતે પુછ્યું તો આપ અ.સ એ રાવીને સામો સવાલ કર્યો કે શું તેઓ ગરીબોનો ખ્યાલ રાખે છેજી? શું નેકી કરનારાઓ બદી કરનારાઓને માફ કરે છે ? શું તેઓ આપસમાં એક બીજાથી મહોબ્બત કરે છે ?

રાવી એ જવાબ દીધો કે નહી મૌલા અ.સ. !! તો ઇમામ અ.સ. એ ફરમાવ્યુ કે એવા લોકો શીયા નથી. શીયા એ છે કે જે આ બધા કામને અંજામ આપે.

આજે સમાજમાં ગરીબોના બેલી કેટલા,,? બદી કરનારાઓને માફ કરનારા કેટલા..? આપસમાં એક-બીજાથી મોહબ્બત/ભાઇચારો રાખનારા ભાવનાશીલ ઇન્શાનો કેટલા..? સાચા શીયાની પરિભાષાથી દુર રહેનારા મારા સમાજમાં કેટલા..? હકિકતમાં માનવતાના કાર્યો કરવા માટે વિશાળ હૃદય ભાવભીનું દિલ અને ભાવનાથી ભર્યુ-ભાદર્યુ કાળજુ જોઇએ. સમાજમાં વિશાળ હૃદય ભાવભીના દિલ અને ભાવનાથી લથપથતા કાળજાઓ કેટલા.? અરે આવા લક્ષાણોતો શીયા બિરાદરમાં હોય છે. શીયા સમાજમાં લાગણીનો દુષ્કાળ લાહણીનો ગ્રહણ અને બિરાદર પ્રત્યેના હેત/લગાવની લુ વાય રહી છે ત્યારે શું થાશે આપણી મુનવ્વર કૌમનું..?

ખુશ કિસ્મત છે એ ઇન્શાન કે જેને નેકીના કાર્યો કરવાની તક મળે છે સમાજનાં ખુશ કિસ્મત ઇન્શાનો પોતાની નેકીથી વધારે ને વધારે કૌમને ફૈઝ પહોચાડી રહ્યા છે તેઓને ખુદાવંદે કરીમ સલામત રાખે. તેઓની નેકીઓમાં વધારો કરે. અમુક ખુશ-કિસ્મત ઇન્શાન એવા પણ છે જેઓને નામની નહી કામની દરકાર હોય છે સન્માનની નહી ચા-પાણી નાસ્તાની નહી પાઘડીની નહી સાલની નહી ચાપલુસી-વાહ-વાહ ની નહી પરંતું તેઓને ફકત અને ફકત સમાજના પિડિતોની પિડા પિડતી હોય છે હા તેઓ કોઇ હોદા પર નથી હોતા પરંતું તેઓ લોકોના દીલોમાં ઉચ્ચા હોદા પર જરૂર બીરાજમાન હોય છે. સમાજને એવા સાચા હિરાની જરૂર છે જેના પ્રકાશથી સમાજ રોશનમ્ય બની ઉઠે છે. ચાલો દુઆ કરીએ કે ખુદાવંદે કરીમ આપણે સર્વોને સાચા શીયા બનવાની મુનવ્વર નૈક તૌફીક આપે..!!

"Amir al-Mu'minin Imam 'Ali ibn Abi Talib (a.s.) ki wilayat ko Allah ne har aasmani kitabo me bataya hai aur Allah ne tab taq kisi bhi nabi ko mukarrar nahi kiya jab taq onhone Rasul Allah (s.a.w.w. ) ki Risalat aur Ali (a.s.) ki wilayat ka wada kabul nahi kiya "

Imam Ali ibn Musa al-Reza (a.s.)
[Reference: Safinatul Bihar, Volume 2, Page 691]

# In loving Memory of



## Haji Mohammed Raza Pyarali Shroff
## Haji Pyarali Nazarali Shroff
## Hajyani Gulbanubai N. Gandhi
## Onali Pyarali Shroff
## Turabhussain Fidahussain Merchant
## & all Marhomeens of Shroff family

*Sponserd by :*

*Haji Ali Akbar Mohammed Raza Shroff*

# દાઢી: પ્રમાણમાં કેટલી હોવી જોઈએ?

સંકલન : અમીરઅલી શમશીર
(-હાજી મહેરઅલી દારેસલામવાળા)

ઈસ્લામી આલમમાં એકાદ પણ કોણ એવો માણસ હશે જે ન જાણતો હોય કે દાઢી મુંડાવવી હરામછે? દાઢી મુંડવવી શરીઅતે ઈસ્લામની વિરૂદ્ધ અને એહકામે દીનથી મોં ફેરવવા બરાબર છે. એટલુંજ નહિ બલ્કે અમ્બિયાએ સાલેહીન (અ.મુ.સ.) અને અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.) ની સીરતથી દૂર ભાગવું છે. વળી તે થકી સ્ત્રી જાતિ સાથે મળતાવડા પણું જાહેર જાય છે. અન્ય શબ્દોમાં અલ્લાહની પયદાઈશી પદ્ધતિમાં સુધારો કરવા જેવું છે.

એટલું સારૂં છે કે મુસલમાન ઉમ્મતે મોહમ્મદીમાં છે કે જેના પર અલ્લાહ તરફથી રેહમત-છાયા પથરાઈ છે. નહિ તો આ પહેલાં અગાઉની ઉમ્મતો પર દાઢી મુંડવવા બદલ અઝાબ નાઝિલ થયો હતો. જેમકે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું કે 'વિતેલા જમાનામાં લોકોનો એક વર્ગ દાઢી મુંડાવતો હતો અને મુછોં ને વળ ચડાવતો હતો. આ કારણે અલ્લાહે તેઓ બધાને 'મસ્ખ' કરી દીધા હતા. અર્થાંત તેઓની શિકલો બદલી નાખી હતી.

('મસ્ખ' કરી દેવું એ જુના જમાનામાં એક એવા પ્રકારનો અઝાબે ઈલાહી હતો કે જેમાં પાપી માણસોને વાંદરા, સુવ્વર, કે તેવા બીજા જનાવરો જેવા બનાવી દેવામાં આવતા હતા અને પછી તેઓ ત્રણ દિવસ સુધી અહીં તહીં રઝળી બુરી રીતે મરી જતા હતા.-જલાલી)

રસૂલે ખુદાએ (સ.અ.વ.) ફરમાવ્યું 'હકુશ શવારિબ વઅફુલિલ્લહ્યય વલા તશબહુ બિલ મજુસ'-'દાઢી રાખો અને મુંછો કતરાવો અને મજુસી (અગ્નિ પૂજક) જેવો પોતાનો ચહેરો બનાવો નહિ.'

હવે, દાઢી વિશેના જે આદાબ અને એહકામ છે તેમાનાં કેટલાંક અહી આપવામાં આવે છે. તેથી વાકિફ થાઓ અને તે મુજબ અમલ કરવાની કોશીશ કરો.

દાઢી એક મુઠ્ઠી કરતાં વધારવી મકરૂહ છે બલકે કેટલાક ઓલમાઅ તેને હરામ સમજે છે.

રૂખ્સારો-ગાલ ઉપરના વાળ તેમ દાઢી નીચેના ભાગના વાળ મુંડાવવામાં વાંધો નથી.

દાઢી ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ તે વિષે ચાલુ જમાનામાં આ રિવાયત મશ્હુર થઈ ગઈ છે કે ચાલીસ કદમ દૂરથી સાફ જણાઈ શકતી હોય એટલી દાઢી તો રાખવી જ જોઈએ. આ રિવાયત એટલી સામાન્ય અને જાણીતી થઈ ગઈ છે કે સામાન્ય લોકો તો શું બલ્કે ખાસ અને ઈલ્મ ધરાવતા લોકો એ રિવાયતની ઓથમાં પોતાની દાઢી એટલી કતરાવે છે કે બિલ્કુલ મુંડેલી જેવી લાગે છે!

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

જો કે તમામ આલિમોના અકવાલ-કથનો મવજાુદ છે અને તેઓએ આ વાત સમજાવી દીધી છે કે દાઢી ‘મુશાબાહ બ હલ્ક’ ન હોવી જોઇએ. એટલે કે દાઢી એવી ન હોય કે તેમાં અને હલ્ક (ગળા) માં ફર્ક ન જણાય. કિંવા એવી ન હોય કે ‘ન હોવા બરાબર’ હોય નહિ તો એ પણ હરામ લેખાશે.

ચાલીસ કદમવાળી રિવાયત અહીંથીજ કમઝોર થઇ જાય છે. કેમકે ઘણાંખરા લોકોની

દાઢી અટલી બધી કાળી હોય છે કે તેઓ તેને મુંડાવી દેવા છતાંય તેની કાળપ ચાલીસ કદમો દૂરથી બરાબર દેખાય છે. અથવા કમ-અઝ-કમ એક દિવસની મુંડેલી દાઢી પણ ચાલીસ કદમો દૂરથી દેખાય છે. તો જો આ રિવાયત મુજબ અમલ કરવામાં આવે તો દરેક માણસ એવી દાઢી રાખતો થઇ જાય કે જે ‘મુશાબહ બ હલ્ક’ હોય, જો કે તેવી દાઢી રાખવી હરામ છે.

ચાલુ જમાનામા મુજતહીદે આલમનો પણ આ એજ ફત્વો છે. જેમકે તેમની કિતાબ ‘અનીસુલ મોકલ્લેદીન’ના ૧૩૧માં પાને નીચે મુજબના સવાલ જવાબમાં લખેલ છે કે:

સવાલઃ દાઢી મુંડાવવી કે કતરાવવી હરામ છે કે નહિ? કેટલાક લોકો એવા ખ્યાલે દાઢી મુંડાવે છે કે જો તેઓ દાઢી રાખશે તો લોકો મશ્કરી કરશે તો એમના વિષે શું હુકમ છે?

જવાબઃ દાઢી મુંડાવવી હરામ છે. તેમ એટલી કતરાવવી પણ હરામ છે કે જે દાઢી રાખી જણાય નહિ. અને લોકોના લેહાઝના સબબે હુકમમાં કશો ફર્ક થશે નહિ. પછી ચાહે તે જવાનીમાં કદમ મુકતો હોય કે યુવાન, આધેડ કે ઘરડો હોય. ખુદાઇ હુકમ મશ્કરીની બીકથી બદલી શકાતો નથી.


## ભાવનગર હૌઝા માં દાખલો ચાલુ છે

જ. ઉમ્મે કુલસુમ તાલીમ કેન્દ્ર દ્વારા જામેતુલ મુસ્તુફા કુમ (ઇરાન) ના સહયોગથી ચાલતા અમારા હૈઝા ને બે વર્ષ પુરા કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કરેલ છે. નવા એડમીન ચાલુ થઇ ગયેલ છે. ધો. ૧૦ થી ૧૨ પાસને એડમીશન આપવામાં આવશે.

વધુ વિગત માટે નિચે મુજબના સરનામે સર્પક સાધો :

**જ. ઉમ્મે કુલસુમ તાલીમ કેન્દ્ર**

બાપુ મહેતાની શૈરી, ખોજા વાડ, આંબા ચોક, ભાવનગર ગુજરાત.

ઉપલી ઈબારતોથી સાફ જાહેર થાય છે કે એવી દાઢી રાખવી કે જે દાઢીમાં ગણાય નહિ કિંવા તેને દાઢી કહી શકીએ નહિ તો તે હરામ છે. આથી ચાલીસ કદમ વાળી રિવાયત બિલ્કુલ અર્થ વિનાની થઇ ગઇ.

પણ હા એ રિવાયતથી મતલબ આ હોય કે, દેખીતી રીતે જેને દાઢી કહી શકાય તે દાઢી એટલી હોવી જોઇએ કે જે ચાલીસ કદમ દૂરથી પણ દેખી શકાય. તો આ રિવાયત સાથે સમજવા અને સમજાવવાની શર્તો પણ જરૂરી થઇ ગઇ. આથી મજકુર રિવાયત એક કોયડો માત્ર બનીને રહી જાય છે!

દાઢી થી મુરાદ 'મુશાબહ બ હલક' ન હોય અને જેને દાઢી કહી શકાય. તે જો કમ-અઝ-કમ ચાલીસ કદમથી દેખી શકાય તેવી હોય તો તેનું માપ જરૂર આંગળીના એક વેઢા જેટલું તો જરૂર હોવુંજ જોઇએ. અને ત્યારેજ એ રિવાયત અમલ કરવા લાયક થશે; નહિ તો કોઇ પણ શર્ત વિનાની હાલતમાં તે ઓલમાઅ ના ઈજમાઅ (બહુમતી) વિરૂદ્ધ ગણાશે. સારાંશ કે દાઢી કમમાં કમ એટલી હોવી જોઇએ કે જેને લોકો દાઢી કહે. પછી તે ચાલીસ કદમના અંતરેથી દેખાય કે પચાસ કદમના ફાસ્લાથી નજર આવે.

અલ્લાહ મઝહબી બિરાદરોને તવફીક આપે કે તેઓ સુરત તેમ સીરત બેઉ રીતે મુસ્લિમ અને મોઅમિન હોવાની સાથે સાથે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તથા તેમની પવિત્ર એહલેબયત (અ.મુ.સ.) ની સીરતને અનુસરનારા બને. મોટા ગુનાહોથી બચતા રહે. વળી નાના ગુનાહો પણ ઘણાં કર્યેથી મોટા ગુનાહ બની જાય છે. તો દાઢી મુંડાવવી અને એવું હરામ કામ કરવું, મોટા ગુનાહની હદોમાં કદમ રાખવો એકજ વાત થઇ. નઊઝો બિલ્લાહે અન ઝાલેક. અલ્લાહ આવા ગુનાહથી સર્વોને બચાવે. આમીન.

(તા.કઃ- 'દાઢી વિષેની વધુ જાણ માટે વાંચો હામીએ દીન આલી જનાબ મોહમ્મદ જઅફર શરીફ દેવજી જંગબારવાળાની ઇ.સન ૧૯૫૩માં પ્રગટ થયેલી પુસ્તિકા 'અલ મહાસિન')

(-જલાલી)

*This Page Sponser by :*

*With Best Compliments From*

***IMTIAZ CONTRACTOR***
MANAGING DIRECTOR

CONTRACTOR TRADING CO. (LLC)

***IMPORTER-EXPORTER OF PARAFIN WAX, FATTY ACID, SKIN, FURNACE OIL, WASTE OIL, TRANSFORMER OIL, MEDICINE & METALS.***

***IMPORT-EXPORT INQUIRY SOLICITED***

**P.O.Box 19178, DUBAI. (U.A.E.)**

Tel : 971 4 2227837 Mobile : 0097150-6526807

Fax : 9714 2220916 / 2278167 email : cte@emirates.net.ae

# ACTIVITIES OF
# KHOJA SHIA ISNAASHRI JAMAAT MUMBAI

Monetary & Material help to Deserving Members, & Widows, of Jamaat

**From 1st April 2014 to 31st January 2016**

| | |
|---|---|
| Hajatmand fund Help to widows & food grain to deserving | 1450250/- |
| Medical Aid Madicine bill & Life Saving Operations | 2939425/- |
| Education Fund [From K.G. / Higher Secondary upto Post Graduation] | 4015346/- |
| Mediclaim Premium of Members Approx 400 Members | 320062/- |
| Abbasi Orphanage | 874127/- |
| Inverter to Members at Mumbra/Vasai/Virar/Palghar | 55500/- |
| Sewing Machine to Members | 15900/- |
| Kanyadaan Fund Help for wedding to Jamaat members daughters | 15000/- |
| Unnati Fund Loan to Members of Jamaat for small scale business | 2505000/- |
| **Total** | **12190610** |

**Free Ladies Computer Class for All Muslims Conducted by Jamaat**

At present we have on our list 165 Widows
& Jamaat yearly Budget Rs. 1-Crore

***Donors & Members***

**can deposit the amount directly into the Bank through Cheque Deposit / Online Transfer in the Name of**
**Khoja Shia Ishnaashari Jamaat**
**F.C.R. No. 083781054**

**Bank of Baroda, Mandvi Branch, Mumbai-3. S.B. A/c. No. 04030100004571**
**Development Credit Bank, Main Office Branch, Account Number : 00110200000110**

For Detals Contacat

# KHOJA SHIA ISNAASHRI JAMAAT

66/70, Hazrat Abbas (A.S.) Street, Hazrat Imam Husain (a.s.) Chowk,
Mumbai - 400 009, INDIA. Telephone : + 91- 22 - 2343 3473 / 2343 8317
Fax : + 91- 22 - 2343 3046 Email : info@ksijamat.org Website : www.ksijamat.org

In loving Memory of

# Shabbirali Abdul Husien Virani

Date of Birth 10th December 1947



Date of Death 16th Safar Hijri 1407 31st October 1986

Kindly Recite Sura-e-Fateha

*With Best Compliment From*

***Abbas Virani***
Director
9702567786

**SMARTRADE**

Stock Broking Pvt. Ltd.

**NSE, BSE, NCDX & MCX**

Shop No. B/22 Mangal Orchid, Opp. D-Mart, Yari Road,
Versova, Andheri (W) Mumbai - 400 061. Tel : 32266000

# તું સુતો રહ્યો હોત તો સારૂ હતું.

હાજી શબ્બીરઅલી કે ભીમાણી (ટાણા)

એક પિતા અને પુત્ર બન્ને બાપ, દીકરો ઈબાદત ગુજાર હતા. એક પણ નમાઝ ચૂકે નહીં અને નમાઝના ચોકકસ સમયે જ પઢે વહેલી સવારે જ્યારે બીજા લોકો સૂતા હતા ત્યારે શબ નમાઝ પઢવા જાય એક દિવસ વહેલી સવારે નમાઝ પઢવા જતા હતા ત્યારે દીકરાએ કહ્યું. પપ્પા આપણે કેટલા વહેલા જાગી ઈબાદત કરીએ છીએ કાં? હજુ આ બધા લોકો તો સુતા છે. પપ્પાએ જવાબ આપ્યો બેટા આપણે જે ઈબાદત કરીએ, સારા કામ કરીએ તે આપણાથી બોલાય નહી. તેમજ તેની બીજા સાથે તુલના કે સરખામણી ન કરાય. આપણે ઈબાદત કે સારા કાર્યો આપણા ખુદના ભલા માટે કરીએ છીએ બીજાથી સારા હોવાની સરખામણી ગર્વ છે. જ્યારે ગર્વ અલ્લાહને જરાપણ પસંદ નથી. ગર્વનું અરબી નામ ઉજબ છે.

કોઈપણ બક્ષીસવ્યકિત પાસે હોય અને એના કારણે પોતાને મહાન સમજે અને તે આપનાર અલ્લાહને ભૂલી જાય એ તો કેવું કહેવાય? તેં જે ગર્વ કર્યો એના કરતાં તું પથારીમાં સુતો રહ્યો હોત મોટી ઈબાદત કરી કહેવાત.

એક દીવસ હ.મુસા અ. બેઠા હતા. ત્યાં શયતાન આવ્યો. તે વખતે તેના માથા ઉપર જુદા જુદા રંગના વાળની ટોપી હતી તે કાઢી તેણે જ. મુસા અ. ને સલામ કરી અને પછી ઉભો રહ્યો. હજરતે તેને પૂછયું કે તું કોણ છો? તેણે કહ્યું ઈબ્લિસ શયતાન છું. ખુદા પાસે તમારો મરતબો મહાન છે માટે તમારી સલામીએ આવ્યો છું હજરતે પૂછયું ઓ ટોપી કેવી છે? તેણે જવાબમાં કહ્યું, આ તો માનવીઓને આકર્ષવાનું હથિયાર છે? હ. મુસા (અ.) મે પૂછયું એવો કયો ગુનાહ છે કે જેના કરવાથી તું ઈન્સાન ઉપર ચઢી બેસે છે? શયતાને કહ્યુ કોઈપણ વ્યકિત ઉજબ કે ગર્વ કરે, પોતાની ઈબાદતોને મહાન ગણે અને પોતાના ગુનાહોને તુચ્છ દેખાય ત્યારે હું તેના મગજમાં સવાર થઈ જાઉ છું.

એક આગિયો સાંજના વખતે બોલતો હતો હું જગતને પ્રકાશ આપું છું એટલામાં તારા બોલ્યા અમે આ જગતને અજવાળં આપીએ છીએ થોડી વાર પછી ચંદ્ર દેખાયો અને બોલ્યો મારા પ્રકાશને કારણે આ જગત હસતું લાગે છે પણ સવાર થતા સૂરજ ઉગ્યો એના પ્રકાશથી બધા આગિયા, તારા અને ચંદ્ર ઝાંખા પડી ગયા ચંદ્ર તો દેખાતો જ ન હતો. અલ્લાહે એક પછી એક અનેક ચડીયાતી ચીજો બનાવી છે માટે ગર્વ કરવો ન જોઈએ સિકંદરના મુત્યુ પછી તેની મા કબ્રસ્તાનમાં ગઈ અને ચોકીદારને પૂછયું સિકંદરની કબર કયાં છે? ચોકીદારે મર્મમાં જવાબ આપ્યો અહીં કબ્રસ્તાનમાં સુતેલા બધા જ સિકંદર છે તું કયા સિકંદરની વાત કરે છે? જવાબ સાંભળી માનો ગર્વ ઝંખવાય ગયો દરેક જન્મતી વખતે અને મૃત્યુ પછી સમાન છે તો ગર્વ શાને?

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

# અલી ધી મેગનીફીસેન્ટ (તરજુમો)

અંગ્રેજી સંકલન : મર્હુમ યુસુફ એન. લાલજી
ગુજરાતી તરજુમો : મહંમદહુસૈન જે મચન્ટ

(ગતાંક થી ચાલુ)

## પ્રકરણ ૧૯-મું

### હ.અલી અ.સ. વિષે અલ્લામા ઇબ્ને હદીદ અલ મોતઝલ્લી નું મંતવ્ય..

ઉપરોક્ત અલ્લામાએ નહેજૂલ બલાગાહ હ.અલી અ.સ.ના ખુત્બા વિષે મંતવ્ય જાહેર કર્યા છે તેમાં તેમણે લખ્યું છે

હ.અલી અ.સ.ના વ્યક્તિત્વમાં વિરોધભાસી ગુણોનો સમાવેશ થયો છે એ મુશ્કિલ છે માનવું કે કોઇ વ્યક્તિમાં આવા ગુણોના જોટા હોઇ શકે. અલી અ. સ. બહાદુરોમાં સૌથી વધારે બહાદુર ઇતિહાસના પના પર ગણાય છે. એવું જોવામાં આવ્યું છે કે આવા બહાદુર પુરૂષો કઠણ દિલના ઘાતકી અને લોહી તરસ્યા હોય છે પણ મૌલા અલી અ.સ. બહુજ નરમ દિલના માયાળુ પ્રેમાળ અને સહાનુભુતિ રાખવા વાળા વીર પુરૂષ હતા. જે બહાદુરી અને લડાઇ કર્તા વ્યક્તિના વિરોધી ગુણમાં ગણાય છે જે એક પવિત્ર અને હમદર્દ વ્યક્તિ જે ખુદાનો ખોફ ધરાવતો હોય તેને સાજે છે.

મૌલા અલી અ.સ. પવિત્ર અને ખુદાનો ખોફ રાખવાવાળા હતા. સાધારણ પણે આવા ધાર્મિક પુરૂષો સમાજનો ત્યાગ કરી એકાંત જીવન પસંદ કરે છે જેઓ ગુનેહગારોનો સંપર્ક કરતા નથી તેમજ ગરમ જોશ ગુસ્સાવાળાઓથી દુર રહે છે બીજી બાજુ યોધ્ધા બાદશાહો અને તાનાશાહી મિજાઝવાળા ઉધ્ધત અને દયાહિન હોય છે જે ગરીબો અને લાચારોથી મળવું પોતાની શાનના વિરૂધ્ધ સમજે છે પણ હ.અલી અ.સ. બિલકુલ અલગ હતા જે સર્વોના મિત્ર હતા. તેમના દિલમાં ગરીબો પ્રત્યે દયાભાવની લાગણી હતી. અને અનાથ અને અપાહજથી ઘણી હમદર્દી રાખતા હતા અને તેઓના માટે અલી અ.સ. હમદર્દ દોસ્ત માર્ગ-દર્શક અને સહાનુભુતી રાખનારા ભાગીદાર હતા. જેઓ તેમનાથી પ્રેમ અને દયા રાખતા. જયારે કે અભિમાન અને ઉદ ધતવર્તન રાખનાર યોધ્ધા પ્રત્યે તેમનું વર્તન કડક હતું અને દ્વંદ્વમાં ઘણા યોદ ધાઓ તેમના હાથે મરાયા. હઝરત ગુમરાહોથી હમદર્દી ધરાવતા પણ ઉધ્ધતાઇ વિરૂધ્ધ તેમનું વલણ સખત હતું તે છતાં તેમને બોધ આપવામાં પણ તેઓ પાછી પાની નહિં કરતા. વાદવિવાદમાં હઝરતથી કોઇ ફતેહ પામતું ન હતું જેમના શબ્દોમાં સુંસંસ્કૃત ઇલ્મ અને ઉચ્ચા આદર્શોની ઝલક દેખાતી હતી.

હ.અલી અ.સ. ઉચ્ચ સમૃધ્ધ અને નમ્ર ખાનદાનના નબીરા હતા તે સિવાય તેઓ અલ્લાહ સુ.ત.ના રસુલના બહુજ ચાહતવાળા અને પસંદીદા જમાઇ હતા. અને સાથે સાથે મહાન યોધ્ધા અને સેનાપતિ પણ હતા. તેમની પાસે સંપતિ હોવા છતા તેમનો ખોરાક અને વસ્ત્ર એક ગરીબ નાગરિક જેવા હતા. તેઓનું માનવું હતું જે પણ માલના માલિક છે તે માલ જરૂરતમંદોના ઉપયોગ માટે છે ન કે પોતાના માટે. ન તેમના ખાનદાન માટે વખતના ફેરબદલાવની કોઇ અસર એમના વ્યક્તિ જીવન પર થતી ન હતી. હાંલાંકે તેઓ તેમના અંતિમ વર્ષોમાં ખલિફા હતા પણ તેમનું જીવન અને રહેણીકરણી પાછલા વર્ષો જેવી જ હતી.

એક્વાર ખિલાફત વિષેની ચર્ચામાં અબ્દુલ્લા ઇબ્ને ઇમામ મલીક ઇબ્ને હમ્મબલે ફરમાવ્યું કે ખિલાફત હ.અલી અ.સ.માં વૈભવ અને માન સન્માનમાં કોઇ વધારો નહિ કરી શકી બલ્કે હ.અલી અ.સ.એ ખિલાફતને વૈભવ અને માન આપ્યું જેના માટે ખિલાફત લાયક હતી.

દુનિયામાં કોઇ યોધ્ધો અને સેનાપતિ હ.અલી અ.સ. જેવો થયો નથી જે એક તત્વજ્ઞાની સદગુણી અને ઉચ્ચકોટીના મઝહબી સિધ્ધાંતો જાણનાર શિક્ષક પણ હતા. એમના જીવનનો અભ્યાસ બતાવે છે કે ઇસ્લામના સંરક્ષણ કાજે તેમની તલવારની મોટી અને મહાન મદદ હતી. ઇસ્લામ માટે સંરક્ષણની પહેલી હરોળ અને છેવટની હરોળ મૌલા અલી અ.સ. જ હતા. ઇસ્લામ માટે જંગે બદર જંગે ઓહદ ખંદક ખયબર અને હુનયનમાં તેમની તલવારની મોટી મદદ મળી. આ એમના જીવનની એકબાજું છે જયારે કે તેમના ચરિત્રની બીજી બાજુમાં તેમના ઇલ્મથી ભરેલા ખુત્બા તેમના આદેશ તેમના પત્ર-વ્યવહારો બોધવચનોનો સમાવેશ થાય છે. જેનાથકી દુનિયાને ઉચ્ચ કક્ષાની શીખ સુચરિત્ર જ્ઞાન અટપટા પ્રશ્નોના જવાબ અને તત્વજ્ઞાન જે સચ્ચાઇનો જોશ અને રાજયકર્તાને દયાળૂ સારા અને અલ્લાહના ખોફ અને ફાયદામંદ વફાદાર કાનુનના પાલનકર્તા અને યોધ્ધાઓ અને ફકત અલ્લાહની રાહમાં લડવાની સલાહ આપનાર સત્ય ઇન્સાફ આપનાર ન કે ઘાતકી માલે દુનિયા લુટનાર હતા અને શિક્ષકોને હાનિકારક બાબતોથી દુર રહેવા અને ઇન્સાનિયતના પાઠ ભણાવવાની સલાહ આપનાર જ હતા. એમના ચરિત્રમાં તેમની મહાનતા અને તત્વજ્ઞાનના ઇલ્મની ઉચ્ચ કોટીની પ્રવિણતાના પુરાવા નિર્વિવાદ છે. ઇતિહાસના પાના પર હઝરત જેવી કોઇ વ્યકતિ જે ચરિત્રમાં અને બુધ્ધિમતામાં હજરતથી વધારે હોય તેવું મળવું અશકય છે.

**વધુ આવતા અંકે...**

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

# આપ કાઉન્સીલ ઓફ ગુજરાતને મદદરૂપ થવા ઈચ્છો છો

સમગ્ર ગુજરાતની આપણી બિરાદરીના ગરીબ, યતીમ અને બેવાઓના સર્વાંગી વિકાસ માટે ધી કાઉન્સીલ ઓફ ગુજરાત છેલ્લા ૧૬ વર્ષથી સતત સેવા બજાવી રહી છે. જેમાં એજ્યુકેશન, હાઉસીંગ, મેડીકલ અને સમાજ કલ્યાણના અનેક વિધ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

**(૪) ગરીબ બેવા સહાય : આથી કાઉન્સીલ ઓફ ગુજરાત દેશ-વિદેશનાં આપણી કૌમનાં સખી દાતાઓને જણાંવતાં આનંદની લાગણી અનુભવે છે કે કેનેડાનાં સખીદાતા અલ્હાજ ફીદા ગુલામહુસૈનભાઈ કે જેઓ દર વર્ષ ગુજરાતની અંદાજે ૧૦૦૦ ગરીબ વિધવાઓને વ્યકતિ દીઠ વાર્ષીક રૂ. ૫૦૦૦/-સહાય મોકલતા હતા તે સહાય તેમણે ફરીથી કાઉન્સીલ ઓફ ગુજરાતને મોકલવાની શરૂ કરી દીધેલ છે.**

**કેનેડાનાં સખીદાતા અલ્હાજ ફીદા ગુલામહુસૈનભાઈની આ સખાવત બદલ કાઉન્સીલ ઓફ ગુજરાતનાં ઓફીસ બેરેરર્સ તેમનો તહેદીલથી શુક્રીયા અદા કરે છે. અને અલ્લાહ તઆલા પાસે દોઆ કરીએ છીએ કે તેમને જઝાએ ખય્ર આપે અને દુનિયા અને આખેરતમાં શ્રેષ્ટ નેઅમતો અતા કરે. આમીન કાઉન્સીલ ઓફ ગુજરાત દેશ વિદેશના સખીદાતાઓને અપીલ કરે છે કે અગર કોઈ ગરીબ-વિધવાને આ નેક કામમાં મદદરૂપ થવા ઈચ્છતા હોય તો તેઓ કેનેડાનાં અલ્હાજ ફીદા ગુલામહુસૈનભાઈ ઉપર પોતાની યથા શકતિ મુજબ ફંડ મોકલાવી મદદરૂપ બની શકે છે.**

સંસ્થાની બીજા સેવાઓ જેમ કે

**એજ્યુકેશન** અને **ગરીબ બેવા સહાય**

આપણી કૌમના સખીદાતાઓ પાસે આ દરેક નેક અને માનવતાના કાર્યો માટે ધી કાઉન્સીલ ઓફ ગુજરાત સાથ અને સહકારની અપેક્ષા રાખે છે.

એકાઉન્ટનું નામ :- **ધી કાઉન્સીલ ઓફ ગુજરાત ખોજા શીઆ ઈસ્નાઅશરી જમાત**

બેન્ક એકાઉન્ટ નંબર : **સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર-મહુવા,** એકાઉન્ટ નંબર ૦૧૧૦૦૦૫૦૪૫૬ (ઈન્ડીયામાંથી ફંડ મોકલવા માટે)

**સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર-મહુવા,** એકાઉન્ટ નંબર ૦૧૧૦૦૦૫૦૪૫૫ (ફોરેનથી ફંડ મોકલવા માટે)

**ધી કાઉન્સીલ ઓફ ગુજરાત ખોજા શીઆ ઈસ્નાઅશરી જમાત**

વહીવટી ઓફીસ પોસ્ટ બોક્ષ નં. ૩૩, કાઉન્સીલ હાઉસ, હુસૈની ચોક,
વ્હોરાવાડ, મહુવા-૩૬૪૨૯૦. (ગુજરાત-ઈન્ડીયા)
ફોન નં. : ૦૨૮૪૪ ૨૨૩૬૫૪, ફેક્સ નં. : ૦૨૮૪૪ ૨૨૩૩૩૨,
ઈ-મેઈલ: *gujcon1ad1@sancharnet.in*

# ડોકટર ની કલમે

ગતા અંકથી ચાલું **ડો. આઇ. જે રત્નાણી** ભાવનગર

## ઇરીટેબલ બોવેલ સિન્ડ્રોમ
## પેટની સમસ્યા - એક માનસિક બીમારી

રવીરાજ પેટની તકલીફોથી કંટાળી ગયો હતો. વારંવાર થતો પેટનો દુખાવો, ગૅસ-વાયુની તકલીફ, પેટમાં ચૂંક આવવી, વારંવાર ટૉઇલેટ જવું પડે કે કયારેક કબજિયાત રહે, પેટમાં ભરાવો લાગ્યા કરે. આ તકલીફો છેલ્લાં પાંચેક વર્ષથી હશે તેણે બે-ત્રણ પેટ અને આંતરડાના રોગોના નિષ્ણાત ડોકટર (ગૅસ્ટ્રો-એન્ટેરોલોજીસ્ટ) નો સંપર્ક પણ કરી જરૂરી રિપોર્ટ્સ પણ કરાવ્યા દરેક રિપોર્ટ્સ નોર્મલ આવે, પેટ અને આંતરડાની દુરબીનથી તપાસ પણ નોર્મલ આવેલ. દરેક રિપોર્ટ્સ નોર્મલ જણાતા મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપવામાં આવેલ.

ડૉકટર સાહેબ, આ પેટની તકલીફોથી હું ખૂબ પરેશાન છું હકીકતમાં પાંચેક વર્ષ પહેલા મંદીના લીધે મારે ધંધામાં મુશ્કેલીઓ પડેલી હું ટૅન્શનમાં હતો ત્યારે આ તકલીફ ખૂબ વધી ગયેલ વચ્ચે બે વર્ષ ટૅન્શન હળવું હતું તો પેટની તકલીફોમાં પણ રાહત હતી જ્યારે હમણા બે-ત્રણ મહિનાથી ફરી સમસ્યાઓ વધી છે, ટૅન્શન સાથે પેટની સમસ્યાઓ સંકળાયેલી હોવાની મને શંકા તો હતીજ એમાં ડૉકટરે આપની સલાહ લેવા જણાવ્યું રવીરાજે પોતાની સમસ્યાઓ વર્ણવી.

રવીરાજ ઇરીટેબલ બોવેલ સિન્ડ્રોમ નામે ઓળખાતી સમસ્યાથી પીડાય છે. સામાન્ય રીતે આંતરડાની નિયમિત લયબદ્ધ ગતિ (કે જે પેરિસ્ટાલસીસ થી ઓળખાય છે) વડે ખોરાક આંતરમાં આગળ ગતી કરે છે ઇરીટેબલ બોવેલ સિન્ડ્રોમ નામની બીમારીમાં આ ગતિ ખુબજ વધી જાય (જે ગૅસ, પેટમાં ભરાવો લાગવો કે વારંવાર ટૉઇલેટ જવું જેવી તકલીફો) કે ખૂબ ઘટી જાય (તો કબજિયાત જેવી તકલીફો થઈ શકે છે.)

સ્ત્રીઓમાં આ બીમારી પુરુષોની સાપેક્ષે વધુ પ્રમાણમાં જોવા મળે છે ટૅન્શન ઉપરાંત સ્ત્રીઓના હોર્મોનમાં થતા ૠતુસાવના ફેરફારો, તીખો-તળેલો-ઘી વળો ખોરાક ઉપરાંત પેટના ઇન્ફેકશનમાં આ તકલીફો વધી શકે છે, મોટા ભાગે આ બીમારી શરૂ થતી હોય છે અને તે સમયાંતરે જોવાતા મોટા ઊથલાઓ સાથે લાંબો સમય શરૂ રહે છે.

ડીપ્રેશન, એંકઝાયટી ડિસઑર્ડર જેવી માનસિક બીમારીઓ ઇરીટેબલ બોવેલ સિન્ડ્રોમ ના દર્દીઓમાં વધુ જોવા મળે છે, આ ઉપરાંત આ દર્દીઓમાં સાપેક્ષે આપઘાતનું જોખમ વધુ રહેલું હોય છે. આથી આ દર્દીઓનું મનોચિકિત્સક દ્વારા તપાસ કરવી આવશ્યક રહે છે અને જરૂર પડ્યે માનસિક બીમારીઓની દવાઓની જરૂર પડી શકે છે, વળી, આ દવાઓ ટૅન્શન હળવું કરવામાં પણ ઉપયોગી નીવડતી હોય સારવારથી પેટની તકલીફોમાં પણ રાહત અનુભવાય છે.

દવાઓ ઉપરાંત રિલેકઝેશન થેરાપી, કોગ્નિટીવ બિહેવિયર થેરાપી, હિપ્નોથેરાપી જેવી માનસિક તણાવ હળવો કરતી સારવાર પદ્ધતિઓ જ્યારે રોગ અત્યંત વકરી ગયેલ ના હોય તેવા સમયે ઉપયોગમાં લઈ શકાય છે.

**ઇરીટેબલ બોવેલ સિન્ડ્રોમ ના દર્દીઓએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો:**

૧. તીખા-તળેલા-ઘી/તેલ યુકત પદાર્થોનું સેવન ના કરવું ગૅસ તકલીફ કરતા પદાર્થો જેવા કે, દુધ/ડેરીની બનાવટો, ડુંગળી, કોબીનો ઉપયોગ ઘટાડવો.

૨. તાજા ફળો, શાકભાજી, ફાઈબર/રેસાવાળા પદાર્થોનો ખોરાકમાં ઉપયોગ વધારવો. (રેસાયુકત પદાર્થોનો ખોરાકમાં ઉપયોગ એકદમથી શરૂ કરવાથી ગૅસ/વાયુની તકલીફ વધી શકે છે, આ પદાર્થોનું પ્રમાણ ખોરાકમાં ધીમે-ધીમે વધારવું.)

૩. દારૂ, સિગારેટ, કૉફી જેવા નશાયુકત પદાર્થોથી દુર રહેવું.

૪. એકસાથે વધુ ખોરાક લેવાના બદલે થોડા-થોડા ટુકડાઓમાં ખોરાક લેવા, ધીરે-ધીરે નાના ટુકડાઓમાં ચાવીને ખાવું જમતી વખતે પાણી પૂરતા પ્રમાણમાં લેવું.

૫. જો બીમારી વધતી જણાય કે નવી તકલીફો જણાય તો તાત્કાલિક ડૉકટરનો સંપર્ક કરવો.

## તસ્વીર મોકલનારાઓએ ધ્યાન આપવું

રાહેનજાત માસિકને મોકલવામાં આવતા રિર્પોટ સમાચાર, વગેરે ની સાથે ફોટો પણ મોકલવામાં આવે છે તેઓએ તેનો ખર્ચ પાસર્પોટ સાઇઝના રૂ. ૧૦૦/- અને તેજ પ્રમાણે તેના ગુણ કાર પ્રમાણેની રકમ પણ સાથે મોકલે અને તસ્વીરની પાછળ તેને કઇ સાઇઝમાં પ્રકાશીત કરવું એ લખવું જે તસ્વીરની પાછળ કોઇ જાતનો ઉલ્લેખ કરવામાં નહી આવ્યો હશે તેને તેજ સાઇઝ પ્રમાણે સ્થાન આપીને તેનું બીલ મોકલનારને પઠવવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે. અને અઝાદારીની એક તસ્વીર કાર્યલયના ખર્ચે જગ્યાની અનુકુળતા પ્રમાણે લેવામાં આવશે.

# ઈસ્લામી વિશ્વ કોંગ્રેસ : હજજે બયતુલ્લાહ

સંકલન : અમીરઅલી શમશીર

લેખક : જ. હાજી મોહમ્મદ જઅફર શરીફ દેવજી

હિજરતના સને ૧૦માં ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની છેલ્લી હજની ક્રિયા થઇ, અને લગભગ દોઢ લાખ મુસલમાનોએ મક્કામાં ઈસ્લામી પહેલી કોંગ્રેસમાં ભાગ લીધો. તે સમયથી દર વર્ષે હજની મોસમમાં જગતની ચારે દિશાથી મુસલમાનો એકઠા થઇ તે કોંગ્રેસમાં ભાગ લઇ રહ્યા છે.

મુસલમાનો હજના ઊંડા રહસ્યોથી અજાણ હોવાના કારણે ઈસ્લામ અને ઈસ્લામીઓને તે કોંગ્રેસ થકી જોઈતો લાભ પહોંચતો નથી એ શોચનિય છે. તેનું મુળ કારણ જુદા થયેલા ૭૩ ફિરકા અને એક બીજાનો વિરોધ સાથે અજ્ઞાનતા અને મોજશોખ છે.

માત્ર ખાનએ કઅબાનો તવાફ અને હજની જુદીજુદી ક્રિયાઓ બજાવી લાવવા માટે હજારોના ખર્ચે અનેક દુ:ખો અને તકલીફો સહન કરીને દુર દેશાવરથી દરેક સાહેબે ઈસ્તેતાઅત કિંવા સશક્ત મુસલમાન માટે જિન્દગીમાં એક વાર શા માટે ફરજીયાત કરવામાં આવેલ છે તે સમજવું જરૂરી છે.

એક વેળા બંગાળના અંગ્રેજી સરકારના ગવર્ન રે એક નવાબ સાહેબને પુછ્યું કે, કલકત્તામાં પ્રગટ થતાં ફારસી ભાષાના અઠવાડિક અખ્બાર 'હબ્લુલ મતીન'નો છેલ્લો અંક જેમાં હજના રહસ્યોનો અગ્રલેખ છે તે તમે વાંચ્યો છે ? નવાબ સાહેબે (મુસલમાન હોવા છતાં) પોતાની અજાણતા ઝાહિર કરી. ગવર્ન રે તેનો અભ્યાસ કરવાની સુચના કરી ઉમેર્યું કે જો જગતના બધા મુસલમાનો હજના ખરા ઊંડા રહસ્યોથી વાકિફ થાય તો ખચ્ચિત પરધર્મીઓ એક કલાક પણ મુસલમાનો ઉપર સત્તા ચલાવી રાજ નહીં કરી શકે.

હજની મુસાફરી થકી જગતના સઘળા મુસલમાનો એક બીજા સાથેનો પરિચય, સહવાસ અને અનુભવ કેળવી શકે અને એક બીજાના દેશ અને સ્થિતિથી વાકિફ રહે. પરિણામે ઈસ્લામ, કોમ અને મઝહબની તરક્કીની યોજનાઓ ઉપર વિચાર ચલાવી ઘટતા પગલા ભરી શકાય.

ઈસ્લામના મહાન પયગમ્બર, એ પહાડી સુકા દેશમાં જંગલી અને ઘાતકી અરબો વચ્ચે રહી વીસ વર્ષના ટુંક સમયમાં એક મહાન શહેનશાહતની સ્થાપના કેવી સ્થિતિ વચ્ચે કરી શક્યા તેનું અવલોકન અને અનુભવ માત્ર હજનો હુકમ હોતાં તે પ્રદેશ તરફ આગમન કરવાથીજ મેળવી શકાય, અને માત્ર હજ થકીજ પયગમ્બર પ્રત્યે માન મોહબ્બતની અને ઈમાનની લાગણી વધારી શકાય.

With Best Compliments From : WELL WISHER

તદુપરાંત જગતની સર્વે મોજ શોખની વસ્તુઓ, સુખ, આસાઇશ અને કુટુંબ કબીલા તેમજ પોતાના દેશને તજી માત્ર કફનના, વગર સીવેલા બે કપડાં પહેરી ઉઘાડા માથે અને ખુલ્લા પગે અલ્લાહની સામે પોતાના ગુનાહોનો હિસાબ આપવા અને મુઆફી મેળવવા માટે અરફાતના ખુલ્લા તપતા મયદાનમાં ઊભા રહેવાથી કિયામતના દિવસનો હશ્રના મયદાનનો ચિતાર નજર સામે ખડો થાય છે.

એક દુઃખી ગુનેહગાર સજાની બીકથી આકુળ વ્યાકુળ બની કોઈવાર ખાનએ કઅબાની આસપાસ સાત આંટા મારી તે પવિત્ર મકાનના કાળા પર્દાનો છેડો પકડી રડતો કકળતો મુઆફીની યાચના કરતો થાય છે. અથવા તો 'સફા' અને 'મરવા' ટેકરીઓ વચ્ચે ભર બાઝારમાં પોતાની કફોડી સ્થિતિમાં બેશુદ્ધ બની-ભાન ખોઇ પોતાનો મોભો, જાહોજલાલી, મોટાઇ એ સઘળું વિસારીને નાના બચ્ચા માફક ઉછળતો ઝડપી ચાલથી બીક અને આશા વચ્ચે સાત વાર આંટા ફેરા કરતો જણાશે.

વળી પોતાના જાની દુશ્મન શયતાનના ફરેબો યાદ કરીને 'મીના'માં તેના ત્રણ સ્થંભો આગળ ઊભા રહી તેની મકરબાજી અને પોતાના ગુનાહો નજર સામે લાવીને તેની તરફ પોતાનો તિરસ્કાર, અસહકાર અને અભાવની લાગણી ઝાહિર કરતા તેના તરફ કાંકરીઓ ફેંકતો દેખાશે. છેવટે પોતાના પાપ નિવારણની આશાએ હજની સઘળી ક્રિયાઓની સમાપ્તિમાં પ્રથમ પોતાના માથાના ઝંડુલા વાળને મુંડાવી ખરી ઊંડા અંતઃકરણની આજીઝી અને શરમિન્દગી ઝાહિર કરે છે.

હજની એ સઘળી ક્રિયાઓ જેમાં પોતાના ગુનાહો યાદ કરી અત્યંત ખેદ તથા આજીઝી અને કાકલુદી ઝાહીર કર્યા છતાં સંતોષ નહીં પામતા પોતાના ગળા ઉપર છુરી ફેરવવા તત્પર બને છે. પરંતુ તેમ કરી આપઘાત કરવાની મનાઇ હોવાથી, જેવી રીતે હઝરત ઈસ્માઈલ (અ.સ.)ની જાન બચાવવા માટે બેહિશ્તના દુંબાની કુરબાનીનો હુકમ હઝરત ઈબ્રાહીમ(અ.સ.)ને થયો તેને અનુસરી પોતાના પરવરદિગાર સમક્ષ પોતાની જાનની કુરબાની પેશ કરી તેના ગળા ઉપર છરી ફેરવી પોતાનાજ ગળા ઉપર છરી ફેરવ્યાનો ખ્યાલ કરે છે, અને તેથી પોતાની દરેક પ્રકારની


# ROOHANI ILAAJ

Bagair kisi kisam ki fees, ujrat Wa Mutalabe Ke Duao Ke Zariye Ilaaj Kiya Jaata Hai, aaseb yaani Jin, Pari Wa rooho Ka Asar, Sahar Yaani Jaadu, Alvi, Sifli Nazrebat Arkunisa Yaani Langdi Ka Dard -Ummul Subhian, Masan Yaani Sukhe Ka Marz, Yarkhan Yaani Pilia Makaan Me Jin, Dev Pari Ka Hona, Hamal Na Rukna, Hamal Zaaya Hojana, Bacche Ka Paida Hokar Mar Jaana, Miya Biwi Me Ikhtelaf, Ghar Ke Taamam Afrat Me Ikhtelaf, Dushmano Ke Shar Se Mehfuz Hone Ke Liye, Shaadi Na Hona, Karobar Me Rukawate, Bimar Par Dawao Ka Asar Na Hona Wagaira Wagaira. In Tamam Amraaz Ke Hal Ke Liye Raabta Kayam Kare.

**Maulana Zilamujtaba Abidi, Naugawan Sadat Zilla Amroha**

Email.zmabidi@gmail.com Mobil : 7862892110/9319290860

ઈચ્છાઓ અને પોતાના 'નફસે અમ્મારા' ઉપર છરી ફેરવી તેનો અંત લાવે છે કે જે થકી ફરીવાર તેની બુરી ઈચ્છાઓ, ગુનાહો અને અલ્લાહની નાફરમાની તેમજ શયતાનની તાબેદારી નહીં કરવાનો મક્કમ ઈરાદો ઝાહીર કરે છે.

હદીસમાં છે કે હાજીઓ ચાર પ્રકારના છે :

(૧) બાદશાહો, અમીરો, દવલતમંદો, માત્ર દેશ પરદેશની મુસાફરી નવીનતા જોઇ જાણવા માટે પોતાની મોજશોખની ઈચ્છાઓ સંતોષનારા હોય છે. (બાદશાહો અમીરોમાં પણ મોઅમિનો હોય છે જેઓને ચોથા પ્રકારમાં ગણી શકાય.)

(૨) મધ્યમ પ્રકારના હાજીઓને હજ સાથે પોતાનો વેપાર વધારી દુનિયાનો લાભ મેળ વવાનો ખ્યાલ હોય છે.

(૩) ભીખારીઓ માત્ર હજની મોસમમાં એકઠા થયેલા બાદશાઓ અમીરો અને દવલતમંદો પાસેથી ભીખ મેળવવવાની આશાએ હજ કરે છે.

(૪) ચોથા પ્રકારના હાજીઓ માત્ર અલ્લાહની ખુશી માટે પોતાની વાજિબ ફર્ઝ અદા કરવા અને અલ્લાહ પાસેથી તે પવિત્ર જગાએ પોતાના ગુનાહોની મુઆફી મેળવવા અને હજના ખરા ઊંડા રહસ્યોને સમજી ઈસ્લામ અને ઈસ્લામીઓનું ભલું ઈચ્છતા હજ માટે જાય છે, અને ખચ્ચિત માત્ર એ ચોથા પ્રકારના 'ખરા હાજીઓ' હોય છે.

વળી હદીસમાં છે કે હાજીઓમાંના એવા મોઅમિનો હોય છે કે જેઓ હજની ક્રિયા પુરી થયા કેડે તેઓના ઉપર બેહિશ્ત વાજિબ થાય છે, અને અલ્લાહ તેઓના ઉપર રાજી હોય છે. (જેઓ ચોથા પ્રકારના હાજી હોય છે.)

બીજા પ્રકારના હાજીઓ એ હોય છે કે હજની ક્રિયાની સમાપ્તિ કેડે તેઓના થઇ ગયેલા
સઘળા ગુનાહો મુઆફ થાય છે, અને તેઓને ફરિશ્તાઓ કહે છે કે હવે પછીની જિન્દગી માટે ગુનાહોથી બચવાની પુરી કોશિશમાં રહો.

જયારે બાકીના હાજીઓને માત્ર દુનિયાની નેઅમતો, લાંબી જિન્દગી, ધન દવલત, સુખશાંતિ વગેરે તેઓની લિયાકત અને અલ્લાહની મરજી મુજબ મળે છે, અર્થાંત અલ્લાહના દરબારમાં ખાનએ કઅબા અને અરફાતમાં દરેક મુસલમાન હાજીઓને અલ્લાહ તરફથી તેઓની લિયાકત મુજબ બખ્શિશની પ્રાપ્તી થાય છે. એક પણ હાજી ખાલી હાથે પાછો ફરતો નથી. જેને દુનિયાના વૈભવ સુખની તમન્ના હોય છે તેને દુનિયામાંજ ઘટતું મળે છે, અને જેને દુનિયાની જરૂરીયાત ઉપરાંત આખેરતની બખ્શિશ-નેઅમતોની ખાહિશ હોય છે તેવા મોઅમિનોને પરવરદિગાર બન્ને જહાનમાં પોતાની નેઅમતો અતા ફરમાવે છે.

**રબ્બના ! આતેના ફિદ-દુન્યા હસનતંવ વ ફિલ આખેરતે હસનતંવ વ કેના અઝાબન્નાર**-પરવરદિગારા ! અમને દુનિયામાં ભલાઈ અતા કર તેમ આખેરતમાં પણ નેકી ઈનાયત કર અને અમને આતિશે દોઝખના અઝાબથી બચાવ. (આમીન.)

This Page Is Sponsared By :

**WELL WISHER**

# જામીયા આલીયા જાફરિયા પ્રગતિ ના પંથે
# નવા સહાષ સાથે
# આઈ.ટી.આઈ. (ટેકનીકલ કોલેજ) ની શરૂઆત

આની માટે કોલેજની ઈમારત ઉભી કરવાના કામથી લઈને દરેક સુવિધાઓ માટે અંદાજીત ખર્ચ રૂ. ૨૪ લાખું આવશે માટે આપ સેહમે ઈમામ તથા ડોનેશન તેમજ પોતાના મર્હુમોના ઈસાલે સવાબ માટે ૧ માકાન નું ખર્ચ પણ મોકલી આ સવાબે જારીયા ના કાર્ય માં ભાગ લઈ શકે છો. અમોને રકમ મોકલવી જરૂરી નથી જો કોઈ બંદેએ મોઅમીન પોતાની નીગરાણીમાં બંધકામ કરવી આપવા માગે તેઓ ને પણ અમારી નમ્ર અપીલ છે. આ કામ કોમ હિત માટે હોવાથી દરેક ઈસ્લામી બિરાદરો ને ખાસ અપીલ કરવામાં આવે છે, ફુલ નહી તો ફુલ ની પાખડી જેવો પણ સહકાર આપી સવાબ મેળવી શકો છો. તેમજ

# ઇસાલે સવાબ ફંડ

જામિઆ આલીયા જાફરીયામાં ઈલ્મે દીન મેળવવા માટે બોર્ડીંગમાં રહેતા વિદ્યાર્થીઓના ખાવા પીવાના ખર્ચમાં સહુલત થાય એટલા માટે રૂા. ૧૧૦૧/- મોકલી પોતાના મરહુમોને સવાબ પહોંચાડો.

જેઓ પોતાના મરહુમોની રૂહના સવાબ અર્થે ઉપર મુજબ રકમ મોકલશે, તેના મરહુમોની મરણ તીથીએ જામીઆ આલીયા જાફરીયામાં મજાલિસ કુરઆન ખાની ફાતેહાખાની થશે અને એ રીતે મરહુમની રૂહને સવાબ પહોંચાડાશે.

રકમ મોકલવા માટે ચેક અથવા ડ્રાફ્ટ ઉપર

**જામીયા આલીયા જાફરિયા લખવું.**

**જામીયા આલીયા જાફરિયા**

પાસે ઈરાક અને ઈરાનના ઓલમાએ કિરામ પાસેથી લીધેલા સેહમે ઈમામ (અ.સ.) ના ઈજાઝાઓ છે. આપ સેહમે ઈમામ તેમજ સેહમે સાદાત તથા ડોનેશન મોકલીને મદદ કરી શકો છો.




સ્થાપક

**મર્હુમ સૈ. અમ્માર હૈદર આબદી નજફી**

જામિયા આલિયા જાફરિયા, નવગાવાં સાદાત, જી. જે.પી. નગર (યુ.પી.) ૨૪૪૨૫૧. ઈન્ડીયા. ફોન : (૦૫૯૨૨) ૨૨૩૨૯૦

પ્રિન્સીપલ

**મૌ. સૈ. ઝીલ્લે મુજતબા નજફી**


મોબઈલ : ૦૯૩૧૯૨૯૦૮૬૦

મેનેજર

**મૌ. સૈ. કૌકબ મુજતબા આબદી**

મોબઈલ : ૦૯૩૧૯૨૯૦૮૮૫


E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110




# કુરઆન ની રોશની

પ્રસ્તુતકર્તા : **મહંમદ હુસેન જે. મર્ચન્ટ**

ગતા આંકથી ચાલું

## સુરએ તા-હા

૪૮ મી આયાત ખચીત જ અમારા તરફ આ વાતની વહી કરવામાં આવી છે કે જે શખ્શ ઝુઠલાવશે ત્થા મોઢુ ફેરવશે તેના ઉપર બેશક અલ્લાહનો અઝાબ થશે.

૪૯ મી આયાત ફિરઓને કહ્યુ કે અય મુસા ! તમારા બન્ને નો પરવરદીગાર કોણ છે ?

૫૦ મી આયાત મુસાએ કહ્યુ અમારો પરવરદીગાર એ જ છે જેણે દરેક વસ્તુને તેને યોગ્ય રચના અર્પણ કરી પછી જીવન વીતાવવાનો સન્માર્ગ દેખાડયો.

૫૧ મી આયાત ફિરઓને કહ્યુ તો ભલા આગલી પેઢીની કેવી દશા થઇ છે ?

૫૨ મી આયાત ફરમાવ્યુ તેની જાણ મારા પવરદીગાર પાસે એક કિતાબ લોહે મહફુઝ માં મૌજુદ છે મારો પરવરદીગાર ન કોઇ વાત ચુકી જાય છે ન કોઇ વાત વીસરી જાય છે.

૫૩ મી આયાત તે એ જ છે જેણે ભુમીને તમારા માટે પાથરણુ બનાવી છે અને તમારા ચાલવા ફરવા માટે માર્ગ કાઢી આપ્યા છે અને આસમાન પરથી પાણી ઉતાર્યુ છે પછી અમોએ તે પાણી વડે વિવિધ પ્રકારની વનસ્પતિ ઉત્પન્ન કરી છે.

બન્ને ભાઇઓ મિસરમાં ફિરઓન પાસે આવ્યા અને ઇલાહી પયગામ પહોચાડયો તે વખતે ફિરઓને કહ્યુ અય મુસા ! તમારો પરવરદીગાર કોણ છે ? જેની ઇબાદત કરવાની મને દાવત આપો છો.?

તેના જવાબમાં હ.મુસા અ.સ. એ છટાદાર ભાષામાં કહ્યુ જેણે પોતાની કુદરતથી દરેક ચીઝને સુરત અને આકાર આપેલ છે અને ઇન્સાનના અવયવો તેના ફાયદા માટે પયદા કર્યા છે જેમકે આંખ કાન નાક જીભ હાથ વગેરેજીહ.ઇમામે જાઅફર સાદીક અ.સ.એ ફરમાવ્યુ કે ખુદાએ જે ચીજ ને

પયદા કરી તેની સુરત ઉપરથી ઓળખાય છે.
જયારે ફિરઓને હ.મુસા અ.સ.ની વાત સાંભળી તો તેનો કંઇ જવાબ આપી શકયો નહી અને મુંઝાયો કે એવું ન બને કે મારી કોમ મારા ચુપ રહેવાથી મને મુકીને તેને રજુ કરે તેથી તેણે હ.મુસા અ.સ.ને આડી-અવળી વાતો પુછી અને કહ્યુ કે આગલી પેઢીઓની કેવી હાલત થઇ છે જેઓએ તારા ખુદાની ઇબાદત કરી નહિ જેમકે નુહ, આદ અને સમુદ ની કૌમ.
હ.મુસા અ.સ. એ કહ્યુ તેઓની કેવી હાલત છે તેનું ઇલ્મ મારા પરવરદીગારની પાસે છે ગયબની વાતો તેના સિવાય કોઇ જાણતું નથી પણ જેને ચાહે તેને ખબર આપે છે. લોકોના આમાલ લોહે મહફુઝમાં લખેલા છે.
હ.મુસા અ.સ. એ ખુદાની તઆરીફ શરૂ કરી કહ્યું તેણે તમારા માટે ઝમીનને બીછાનું બનાવી જેના ઉપર તમો પોતાના મકાનો બનાવો છો આ આયાતમાં મહદ શબ્દ આવ્યો છે તેનો અર્થ ઝુલાનો થાય છે ખુદાએ ઝમીનને ઝુલા જેવી બનાવી કે તમો તેના પર આરામ કરો અને તેણે તેના ઉપર જાત જાત ની વનસ્પતિ ઉગાડી.

૫૪ મી આયાત માટે તમે ખાઓ અને તમારા પશુઓને પણ ચરાવો બેશક તેમાં બુધ્ધીશાળીઓ માટે નિશાનીઓ મોજુદ છે.

૫૫ મી આયાત એ ભુમીની માટીમાંથી જ અમોએ તમને સર્જયા છે અને અમે તેમાંજ તમને ફેરવી દઇશું અને તેમાંથી જ તમને બીજી વખતે કાઢી ઉભા કરીશું

૫૬ મી આયાત અને ખચીત જ તે ફિરઓન ને અમોએ અમારી તમામ નિશાનીઓ દેખાડી છતાં તેને ઝુઠલાવી અને ઇન્કાર કરતો જ રહ્યો

૫૭ મી આયાત તે કહેવા લાગ્યો કે અય મુસા ! શું તું અમારી પાસે એ માટે આવ્યો છે કે તું તારા જાદુઇ બળ વડે અમને અમારા દેશમાંથી કાઢી મુકે ?

૫૮ મી આયાત સારૂ ત્યારે થોભો ! અમે પણ તમારા મુકાબલા માટે એવો જાદુ લાવીશું જેથી તારા-અમારા વચ્ચે મધ્યસ્થ સ્થળે મુકાબલો કરવા માટે એક સમય નક્કિ કર જેના ન અમે વિરોધી હોઇ ને ન તું.

જે લોકો સામાન્ય બુધ્ધિથી કામ લઇને હકની શોધ કરવા ચાહે છે તે આ બધી નિશાનીઓથી પોતાની સહી મંઝિલ તરફ પહોંચી શકે છે. આ ઝાડ પાન ઝમીન પર આસમાન પર ચાંદ સુરજ તારાઓ વગેરે એવી નિશાનીઓ છે કે જેથી તેની ખબર પડે છે કે આ કાએનાતનો એક રબ છે બીજા કોઇ ખુદાનું કોઇ સ્થાન નથી. હ.ઇમામે જાફર સાદીક અ.સ. એ

ફરમાવ્યુ બુધ્ધિશાળીઓથી મુરાદ અમો છીએ.

દરેક ઇન્સાનને ત્રણ હાલતમાંથી પસાર થવું પડે છે 1 આ દુનિયામાં જન્મથી મરણ સુધી. 2 મોત થી કયામત સુધી 3 કયામતના દિવસે ફરી જીવન સજીવન થવું ત્યારપછીની હાલત આ ત્રણેય હાલતમાંથી ઇન્સાને પસાર થવું પડે છે.

હ.મુસા અ.સ. એ દરેક જાતના મોઅજીઝા બતાવ્યા અને ઇન્સાનના જન્મની પણ ખબર આપી છે કે જે માટીમાંથી પયદા કરવામાં આવ્યો છે છતાં પણ તેને પોતાના ગર્વનો એટલો નશો હતો કે આપની એક વાત પણ સાંભળી નહી. તેથી આપે લાકડી થકી કુદરતના મોઅજીઝાઓ દેખાડયા છતાં મોઅજીઝા ઉપર ઇમાન લાવ્યા નહિ. તેણે કહ્યુ કે અય મુસા ! શું તું અમને મિસરની ઝમીન પરથી કાઢી મુકવા આવ્યો છે. ? તું જાદુગર છે અને એ થકી બની ઇસરાઇલને અમારી જગ્યાએ માલિક બનાવી બાદશાહી ભોગવવા ચાહે છે ? આ વાતથી એ વસ્તું સાફ જણાઇ આવે છે કે ફિરઓન સમજી ગયો કે જયોતિષોએ જેની આગાહી કરી હતી તે આજ વ્યકિ્ત લાગે છે.

ફિરઓને કહ્યું કે અમો પણ તારા જાદુથી મુકાબલો કરી શકીએ છીએ અને આ જાદુઇ મુકાબલો તમામ લોકો જોઇ શકે એવી જગ્યાએ કરીએ.

૫૯ મી આયાત મુસાએ કહ્યું તમારા માટે તે સમય ઇદનો દિવસ છે અને સમય આ છે કે દિવસ ચઢે બધા લોકો મેદાનમાં ભેગા કરવાંમાં આવે 60 મી આયાત આથી ફિરઓન પાછો ફરયો અને પોતાના બધા દાવપેચ તય્યાર કર્યા પછી ઠરાવેલા સમયે આવી ઉભો રહ્યો.

61 મી આયાત મુસાએ જાદુગર લોકો ને કહ્યું અફસોસ છે તમારી હાલાત પર ! અલ્લાહ ઉપર જુઠો આળ ન મુકો નહો તો કોઇ આફાતથી તમારૂ જડમુળ ઉખેડી નાખશે અને જે પણ શખ્શ અલ્લાહ પર આળ મુકે છે તે અવશ્ય નિષ્ફળતા પામે છે.

62 મી આયાત પછી તેઓ પોતાની બાબતમાં પરસ્પર વાદ-વિવાદ કરવા લાગ્યા અને પોતાની સલાહ છુપી રાખી

63 મી આયાત પછી ફિરઓન તથા તેના દરબારીઓએ કહ્યુ કે ખરે જ આ બન્ને જાદુગરો છે તેઓ ચાહે છે કે જાદુઇ બળ વડે તમને તમારા દેશમાંથી કાઢી મુકે અને તમારા ઉતમ મઝહબને રદ કરી નાખે.

હ.મુસા અ.સ .એ કહ્યુ એ તમારા માટે ઇદનો દિવસ છે જે દિવસ મુકાબલા માટે નક્કી થયો છે તે દિવસે તેઓ ઇદ મનાવતા હતા અને એક જાતનો મેળો ભરાતો હતો તે ઇદનો દિવસ મુકાબલા માટે નક્કી કરવામાં આવ્યો.

ફિરઓન અને તેના દરબારીઓની નઝરે આ મુકાબલાનું મહત્વ ઘણું હતું. આ મુકાબલાને તેઓ કિસ્મતનો મુકાબલો સમજતા હતા. પુરા દેશમાં માણસો દોડાવવામાં આવ્યા જેથી તેઓ પ્રવિણ જાદુગરોને શોધી અહિં લઇ આવે આ જાદુઇ મુકાબલો જોવા માટે દેશની બધી પ્રજાને દાવત આપવામાં આવી હતી. તેઓ ખુલ્લા શબ્દોમાં કહેતા હતા કે અમારા ધર્મનો આધાર જાદુગરો ઉપર છે તેઓ જીતી જશે તો અમારો ધર્મ બચી જશે નહિ તો પછી મુસાનો દીન અમારા ઉપર વર્ચસ્વ ધરાવશે. આ સ્થળે એ વસ્તું ધ્યાનમાં રાખવી જરૂરી છે કે મિસરના શાહી ખાનદાન અને અમીર લોકો નો ધર્મ આ પ્રજાથી જુદો હતો. બન્ને ના દેવતા અને મંદિરો અલગ-અલગ હતા તથા ધર્મના રીત-રિવાજો પણ એક ન હતા. જીવન અને મરણના મામલા પણ અલગ હતા તથા બન્નેના ખ્યાલો અને વિચારોમાં પણ ઘણો જ ફરક જોવામાં આવતો.

જયારે ફિરઓન જાદુગરો અને તેના સાથીઓ નિયુકત સમયે આવ્યા ત્યારે મુસા અ.સ. અને હારૂન અ,સ. સાથે તસરીફ લાવ્યા. ત્યારબાદ હિદાયત આપવાં માટે લોકો ને કહ્યું કે અફસોસ છે તમારી હાલાત ઉપર કે ખુદાના ઉપર જુઠા આક્ષેપ મુકો છો તમો જડમુળથી ઉખડી જશો.

જાદુગરો મુંઝવણમાં પડી ગયા તેઓનો આધાર બે વાતો ઉપર હતો એક એ કે જો જાદુગરો પણ મુસા અ.સ.ની જેમ લાકડીમાંથી સાપ બનાવી દેખાડ તો મુસા અ.સ.નું જાદુગર હોવું લોકો સમક્ષ સાબીત થઇ જશે. બીજી તેઓ લોકોને જોશ અપાવતા હતા કે જો મુસા અ.સ. વિજય પામે તો તમારા હાથમાંથી હુકુમત નિકળી જશે. બધા લોકોની નઝર મુકાબલાના પરિણામ પર હતી અને મુસા અ.સ.ને હરાવવાની પુરી કૌશીશ થઇ રહી હતી.

**વધુ આવતા અંકે..**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
Mr. Mohd. Taqi Amiri : 9224236781
8237646502
Mrs. Farhana Amiri : 8097700831
EVERSHINE
CONSULTANCY
LIFE INSURANCE CORPORATION OF INDIA
Rah-e-Najat Monthly
Office : 42, H. Abbas (a.s.) Street,
H. Imam Hussain (a.s.) Chowk,
Dongri Mumbai - 400 009.
Resi : Hamza Tower
9th Floor, Flat No. 901,
Belvedere Road, Mazagoan
Mumbai - 400 010.

**અબ્બાસી મીશન ટ્રસ્ટ મહુવામાં નીચે મુજબ બે અદ્યતન સગવડવાળી તાલીમી સંસ્થાઓ ચાલી રહી છે.**

## બાળકો માટે શીઆ ઇસ્નાઅશરી બોઇઝ હોસ્ટેલ

ફોન ૦૨૮૪૪-૨૨૨૨૭૦

## બાળાઓ માટે ઝયનબીયહ ગર્લ્સ હોસ્ટેલ

ફોન ૦૨૮૪૪-૨૨૨૫૮૨

ઉપરોક્ત સંસ્થાઓમાં બાળકો માટે દુન્યવી-દીની શિક્ષણ આપવાની વ્યવસ્થા છે. તેમજ યતીમો તથા જરૂરતમંદોને લેવામાં આવે છે. અને બધી સગવડતાઓ ફ્રી આપવામાં આવે છે. કોમની આ અતિ ઉપયોગી સંસ્થાને મદદરૂપ થવું દરેકની ફરઝ છે. કાયમી નિભાવ ફંડ માટેની રકમ દાતાને નામે હંમેશા જમા રહેશે. બાળક યા બાળા તેમનો અભ્યાસ પુરો કરી અને બોર્ડીંગ છોડે ત્યારે બીજા નવા દાખલ થેયલ બાળક યા બાળાનો નિભાવ પણ દાતાના ઉપરોક્ત કાયમી ફંડથીજ થશે. આમ કાયમી નિભાવ ફંડ સ્કીમથી હજારો યતીમો અને જરૂરતમંદોને લાભ મળશે.

**અમારા ટ્રસ્ટ સંચાલીત બોયઝ હોસ્ટેલ માં ૫૦% ઉપર બાળકો ગરીબ સાદાત ના રહેતા હોય અમો સેહમે સાદાત ની રકમ સ્વિકારીએ છીએ.**

**૧ બાળા યા બાળકના કાયમી નિભાવ માટે રૂા. ૨૫,૦૦૦/-**

**૧ બાળા યા બાળકના ૧ વર્ષના નિભાવ માટે રૂા. ૧૦,૦૦૦/-**

**ફાતેહાખાનીની સ્કિમ તથા ખુશાલી જમણ સ્કિમ :** આપના મર્હુમ સગાની મરણતિથી નિમિતે દર વર્ષે બાળા/બાળકો ને જમણ આપી ફાતેહો બક્ષાવી મર્હુમની યાદ તાજી રાખવા માંગતી વ્યકિત ફકત એક વાર રૂા. ૨૦૦૦/- ડોનેશન આપી આ યોજનાનો લાભ લઇ શકે છે. આજ રીતે મઅસુમીન અ.સ. ની વિલાદત તારીખે અથવા પોતાના કે રીશ્તેદાર ના જન્મદિવસે દર વર્ષે બાળકોને જમણ આપી ને ખુશાલી વ્યકત ઇચ્છતી રૂા. ૨૦૦૦/- ડોનેશન આપી આ યોજના નો સભ્યો બની શકે છે.

ઉપરોકત દાન ની રકમ ચેક અથવા ડ્રાફટ થી **''અબ્બાસી મીશન ટ્રસ્ટ-મહુવા જી. ભાવનગર''** ના નામે મોકલવા વિનંતી.

**કોર બેંકીગ સેવા**થી આપનું ડોનેશન ડાયરેકટ અમારા બેંક ના ખાતામાં જમા કરાવી શકો છો-

**બેંક નું નામ :**

યુનિયન બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : UBI0531383 A/c. No. 313802010003532
અબ્બાસી મીશન ટ્રસ્ટ

યુનિયન બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : UBI0531383 A/c. No. 313802010003531
અબ્બાસી એજયુકેશન ટ્રસ્ટ

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : SBIN0060012 A/c. No. 56012007292
અબ્બાસી મીશન ટ્રસ્ટ

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : SBIN0060012 A/c. No. 56012007270
અબ્બાસી એજયુકેશન ટ્રસ્ટ

**અબ્બાસી મીશન ટ્રસ્ટ - મહુવા - પીનકોડ ૩૬૪ ૨૯૦**

પો. બો. નં. ૪, મહુવા (સૌરાષ્ટ્ર), રજી. નં. બી-૨૫૮

**નોંધ : અઅલમે વક્ત આયતુલ્લાહિલ ઉઝમા આકાએ સૈયદઅલી શીસ્તાની સાહેબ તરફથી ખુમ્સના સહમે ઇમામની રકમ મેળવવાનો ઇજાઝો (રજા) સંસ્થાને મળેલ છે. અબ્બાસી મીશન ટ્રસ્ટ હસ્તક ચાલતા સંસ્થામાં ખર્ચ કરવાની રજા આપી છે.**

# 40 Ahadith Series

## Completion of Islam - Ghadeer

Continue from Last Issue

Hadis Number 16

**The Day of Doing Good to Others**

